—: કન્યા વાચનમાળા :—

પુસ્તક બીજાનો અર્થ.

જેની અંદર અર્થ, કવિતાની સમજુતી,
પાઠના સવાલ

પ્રસિદ્ધ કર્તા—મેસર્સ. સી. ડી. શાહ એન્ડ કો.
[illegible] ઠેકાણું—શાહપોર—સુરત.

સંગ્રહ કર્તા—C. M. Shah.
મળવાનું ઠેકાણું—શાહપોર—સુરત.
આવૃત્તિ ૩જી.

છાપનાર—નારાયણરાવ લક્ષ્મણરાવ નીકમ.
છાપ્યાનું ઠેકાણું—"શંકર" પ્રીન્ટીંગ પ્રેસ ચઉટાના
પુલપર—સુરત.

૧૯૧૮ — સને

કિંમત ચાર આના.

કન્યા વાચનમાળા

પુસ્તક બીજું—ભાગ—૧ લાના અર્થ.

પાઠ ૧ લો.

ગ્રેટબ્રિટન=યુરોપખંડમાં ઈંગ્લાંડ, સ્કોટલાંડ અને આયર્લાંડ મળીને જે દેશ થાય છે તે

જીવન ચરિત્ર=જિંદગીનો હેવાલ.

અજાયબી=નવાઈ; તાજુબી.

અનુકરણ=નકલ.

ગુજરી જવું=સ્વર્ગવાસી થવું.

માતુશ્રી=માજી.

પુત્રના લક્ષણ પારણામાંથી જણાય=છોકરાં કેવાં ગુણોવાળાં થશે તે નાનપણથીજ જણાઇ આવે.

મધુર સ્વરે=મીઠા વચનથી.

નિયમિત=નિયમ પ્રમાણે.

વિશાળ=વિસ્તીર્ણ,

ઉપરાંત=વધારામાં

ચપળતા=ચાલાકી

ચિત્રકળા=ચીતરવાનો હુન્નર.

પ્રવીણતા=હોશિયારી; માહિતગારી.

નૃત્ય=નાચ; નાચવું તે

કુશળતા=ખબરદારી.

પ્રાપ્ત કરી=મેળવી.

સુલક્ષણી=સારા ગુણવાળી

કસર=ખામી; કચાશ

સ્વરૂપવાન=ખૂબસુરત; દેખાવડી

મળતાવડી=મળતા સ્વભાવની.

દરદી=[illegible]

[illegible]

પીળા થવું=મોઢ [illegible]

મવો.

ભેદ=તફાવત; ફેર.

આદરસત્કાર=માનપાન

મમતા=માયા.

વીલે મોઢે=ફીકકે ચહેરે; નારાજ થઇને.

વાકેફ=માહીતગાર; જાણ

મન મારવું=સંયમ; મનની ઇચ્છા પ્રમાણે ન વર્તવું તે

ઉદારતા=સખાવત.

નસંતાન=છોકરાં વગર

હકદાર=વારસ

રાજ્યપદ=રાજગાદી

ગંભીરતા=મક્કમ પણું.

નીડરપણું=ડર વગરનું હોવું તે; બેધડકપણું.

રંગરાગ=લીલા.

[illegible]

[illegible]

આશ્ચર્ય=નવાઈ; [illegible]

[illegible]

પાર્લામેંટ=રાજસભા.

ભાષણ=વ્યાખ્યાન; પોતાના વિચારો [illegible] માણસ વચ્ચે કહી બતાવવા તે.
પ્રસંગ=વખત
પૂર્ણ=પુરો; પાકો
સહાય=મદદ
બંધન=બંધારણ; રિવાજ
આગત્યના=જરૂરના
સમાન=સરખા.

પાઠ ૨ જો.

સ્થિતિ=હાલત
પુત્રીધર્મ=પુત્રી તરીકેની ફરજ.
કચાશ=ખામી
કરજ=દેવું; દેણુ
અદા કરવું=આપવું
ગેરવર્તણુક=ખરાબ ચાલ
જળઝળીઆં=આંખમાં પાણી ભરાઇ આવવાં તે
નામદાર=પ્રખ્યાત
મંજુરી=વહાલી
દસ્તાવેજ=લેખ; લખાણ
અહિત=અકલ્યાણ; ગેરલાભ.
સંપૂર્ણ=પુરેપુરી
ઢંઢેરો=સરકારી જાહેરનામું.
બેધડકપણે=બીકરતાથી
અભયવચન=નિશ્ચે પાળવાની કબુલાત
દૃઢતા=અડગપણું
પ્રત્યે=તરફનો
પ્રિન્સ=રાજા
પ્રતિજ્ઞા=વચન
વર્તન=ચાલ
હેવાતન=ધણીની હયાતી લગીની સ્ત્રીની પરણેલી હાલત; સૌભાગ્ય
સાલસાઈ=ભલાપણું; ભલાઈ
સાવચેતી=સંભાળ
આબાદાની=સારી સ્થિતિ
શોધ=ખોળ; તપાસ
આયુષ્ય=જિંદગી, આવરદા.
પરલોકવાસી=[illegible] સી

પાઠ ૩ જો

કર્તવ્ય=અ.પણે જે કરવાને બધાયલા છીએ-તે; ધર્મ, ફરજ.
પાત્ર=લાયક; યોગ્ય
પાળીપોષીને=ખવડાવી પીવડાવીને
ભણાવી ગણાવી=ભણાવીને અને અનુભવી કરી.
નિરંતર=હંમેશાં.
વૃદ્ધ=ઘરડાં
અથાગ=જેનો છેડો નહિ તે; પાર વગરનો
સમર્થ=જોરાવર; બળવાન.

પાઠ ૫ મો.

પટાવટો=રાજ્યના મુખ્ય સરદારો
લગામ=સત્તા
નિષ્કંટક=કાંટા વગરનું; હરકત વગરનું.
દાવો=હક
નિશ્ચિંતપણે=નિરાંતે
ધાવ=ધવડાવવાને રાખેલી સ્ત્રી; આયા
હજામ=વાળંદ
રણવાસ=જ્યાં રાણી-

ઓ રહેતી હોય તે
જગા
હાહાકાર=શોકનો ગ-
ભરાટ
શોક સાગર=દીલગીરી
રૂપી દરીઓ: અતિ-
શય દીલગીરી
કોસ=ગાઉ
દહેશત=ધાસ્તી; બીક.
સુબાગીરી=પરગણાનું
હાકેમપણું.
ધન્યવાદ=શાબાશી
બસ=પુરતો
સપુરત=સોંપણ
રક્ષણાર્થે=બચાવને માટે
પન્નુ=પાનું; એક જા-
તનું રત્ન
હદવાળી=આખર કરી
જોટો=જોડ

પાઠ ૬ ઠ્ઠો.

વિનય=નમ્રપણું; નર-
માશ
વિનય વેરીને વશ કરે=
નરમાશથી દુશ્મન
પણ તાબે થાય. મ-
તલબ કે નરમાશ
આગળ દુશ્મનનું
પણ કંઈ ચાલતું
નથી. જેમકે રે-
શમ નરમ છે તેથી
તે તરવારના ઝટકા-
થી પણ કપાતું નથી
સંપાદન કરવું=મેળવવું
દુશ્મનાવટ=વેર; દુશ્મ-
નાઇ; શત્રુવટ.
આવડત=આવડ
હુંપદ=હુંપણું; ગર્વ
તપીજાય=ગુસ્સે થાય
અણગમો=કંટાળો;
ત્રાસ
વજન=ભારવક્કર
દ્વેષભાવ=અદેખાઇ
દીનપણું=ગરીબાઇ
દીનતા=ગરિબાઇ
સંત=સાધુ
જાતરખું=પોતાના શ-
રીરનું જતન કરનાર
છીંડું=દોષ; વાંક
ખામોશ=સહનશીલતા
બાકરી=ટક્કર; સામા
થવું તે
બાકરી બાંધવી=ટક્કર
લેવી; સામા થવું
અંગ=[illegible]
બોલી=વેણ; શબ્દ.
કરણી=કૃત્ય
સભ્યતા=અદબ.
તુચ્છકારવું=હલકું ગ-
ણવું.
આવકાર=તમે આવો
એવી રીતનો માન
સૂચક શબ્દ તે; સ-
ન્માન
તોછડાઇ=હલકાઇ
ભારવક્કર=ભારબોજ;
વજન
ચાવળું=કામ વગરનું
ઘણું બોલનાર
ઉછાંછળાપણું=ઉદ્ધતાઇ
ભંગ=નાશ
ગંભીરપણું=ઠરેલ પણું
ગંભીર=ઠરેલ
ઉપમા આપવી=સર-
ખાવવું; આબરૂ વ-
ધારવી.
માઝા=હદ; મર્યાદા.
ઠાવકું=ડાહ્યું
ચીઢ=સહજ બળતરા.
તામસ=ક્રોધ
ટાપસી=સાહેદી
અદબ=મલાજો

સવાલ—વિનયનાં કેટલાં અંગ છે અને તે કયા કયા?

પાઠ ૮ મો.

ધર્મરાજા=યુધિષ્ઠિર; પાંડુના વડા પુત્ર.

દ્રોણાચાર્યની ઉત્પત્તિની વાત—ભરદ્વાજ ગંગાદ્વારે અનુષ્ઠાન કરતા હતા ત્યાં ઇંદ્રની એક દેવાંગના પર્વણીએ સ્નાન કરવા આવેલી તેને જોઈ ઋષિ વિહ્વલ થયા ને વીર્ય ખલિત થયું તે તેણે દરીઆમાં મૂક્યું ને એમાંથી દ્રોણ ઉત્પન્ન થયા. એમના છોકરાનું નામ અશ્વત્થામા. એ ચીરંજીવી છે.

પહેંચણ=ભાગ
ચુસ્ત=આગ્રહથી મંડયા રહેનાર; વળગી રહેનાર.
વિનાશકારી=નાશ કરનાર.
પક્ષ=તરફદારી
પ્રાણ વળી ગયા=મરણ પામ્યા.
શ્રી કૃષ્ણ=એ વિષ્ણુનો આઠમો અવતાર હતા.
ધનુર્વિદ્યા=કામઠું વાપરવાની વિદ્યા
સાવધ=ખબરદાર; હોશિયાર.
રણસંગ્રામ=મોટી લડાઈ

શસ્ત્ર=હથિયાર.
અશ્વત્થામા=દ્રોણાચાર્ય ને કૃપાચાના પુત્ર. એ ચીરંજીવી છે.
અશ્વત્થામા=એ નામનો કૌરવ લશ્કરમાં એક હાથી જેને ભીમે કૃષ્ણના કહ્યાથી મારી નાખ્યો હતો તે.
દેહત્યાગ=શરીરને છોડી દેવું એટલે મરી જવું તે.
યુક્તિપ્રબંધ=જુક્તિ; બંધ બેસતુ.
છળ=ઠગો; રમત.
દ્વિઅર્થી=બે અર્થવાળુ

વેણ=બોલ; શબ્દ.
હઠ=આગ્રહ.
રણક્ષેત્ર=લડવાની જગા
સૈયા=સેજ; પથારી.
નરો વા કુંજરો વા=પુરુષ હોય અથવા હાથી હોય.
સિદ્ધ થયું=પાર પડયું
પસ્તાવો=દીલગીરી.

પાઠ ૯ મો.

ચહેરો=શિકલ.
દીલગીર=નાખુશ
ફુરે મોઢે=ખુશીથી.
શાંત=ધીરજવાન.
ડુમો=છાતીનો ધબકારો.
અજાણ્યાંમાં=વગાડીને

ખેલ કરનાર જેવા કે માતા કાઢનાર વગેરે
આજ્ઞા=હુકમ
વિરૂદ્ધ=ઉલટું
અલબત=ખરેજ; ખચીત; બેશક
શંકા=સંદેહ; વહેમ
કાનો=કારણ
ઇરાદો=મનસુબો.
ડોળ=ચાળા; ઢોંગ
ઉતારી લીધો=નકલ કીધી
હેતુ=મતલબ
જનમફળ=જમરૂખ
પ્રશ્ન=સવાલ

પાઠ ૧૧ મો.

અડફટ=આંટી
બલા=પીડા
ચઢિઆતું=સરસ
કિંમત=મૂલ
ચોકસી=તપાસ
દામ=પૈસા
પસંદગી=પાસ
છૂટી પડયા=નકામા ગયા.
આશીશ=સારી દુઆ; આશીર્વાદ.
વૈતરું=સખત મહેનત.
અનાથ=માબાપ કે ધણી વગરનાં; ગરીબ.
આંતરડી ઠરે=સંતોષ પામે
ઓહો=આશ્ચર્ય સૂચક શબ્દ
ઘટિક=યોગ્ય; લાયક

પાઠ ૧૨ મો.

ફુલણજી=વખાણથી ફુલાઇ ખર્ચ કરનાર
ઊંઘજ ઊડતી નથી=સુરતાઇ જતી નથી.
જંપ=નિરાંત
વાંકડો=પહેરામણી.
દેશાઇગીરી=દેશાઇની પદવી; ગરાસ; તોડો
વજીફા=ઇનામમાં મળેલી જમીન વગેરે; સરકારથી મળતી બાગાયત જમીન
વ્યાજ=રૂપીઆનું ભાડું
પતી શકે=અદા થઈ શકે
ઉજાણું [illegible] [illegible] દેખો છો=તમે પેદાસ જુઓ છો પણ ખરચ કેટલો જે તેનો વિચાર કરતા નથી
પાલવનાર=[illegible]રવડનાર; ભોજનાર
કરકસર=યોગ્ય ખરચ
નિભાવવું=ચલાવવું
ખરાબખસ્ત=પાયમાલ
હઠ=જીદ; આપમત
ધામધુમ=ઠાઠમાઠ
રૂડું જીવવું=સુખમાં જિંદગાની ગાળવી
કોડ=હોંસ.
હદથી જાદે=ગજા ઉપરાંત
કકળાટ=કળકળવું તે
ગરાસ=સરકારમાંથી જે જીવાઇને માટે મળતું હોય તે; ગામ રક્ષણ માટે આપેલી જગા કે પગાર
દરદાગીના=ઘરેણાંગાંઠા
ફાવે=મરજીમાં આવે
ડગ=ડગલું
દેવું=કરજ; દેણું

ભલે ભલે=વાહ વાહ.	ભ્રમ=ભ્રાંતિ.	ફટ્ફટ=ધિક્કાર ધિક્કાર

સમજુતી—ફુલણજી થઇને મરજીમાં આવે તેમ ખરચ કરીને ખૂશ થાય છે; પણ મોટું ડગલું ભરતાં જે બીજો નહિ મતલબ કે ગજા ઉપરાંત ખરચ કરતાં જે વિચાર કરે નહિ તે દેવાદાર થાય છે; લોકો વાહ વાહ બોલે છે તે ભ્રાંતિથી તે ભોળવાય છે. પણ જ્યારે પાછળથી ધિક્કાર ધિક્કાર થાય છે; ત્યારે કહો કે તે આબરૂમાં શું મેળવે છે? મતલબ કે ઉલટી આબરૂ ગુમાવે છે.

પાઠ ૧૩ મો.

વિષ્ટિ=સલાહનું કહેણ; સમાધાનીનું કહેણ.
સમાધાની=સલાહ.
હસ્તિનાપુર=દિલ્હીની ઉત્તરે ૫૦ મૈલપર પાંડવ કૌરવની રાજધાનીનું શહેર હતું.
સત્કાર=માન.
સજ=તૈયાર.
દુર્યોધન=ધૃતરાષ્ટ્રનો સૌથી વડો પુત્ર;
ધૃતરાષ્ટ્ર=વિચિત્રવીર્યની વિધવા અંબીકાને વ્યાસથી થયેલો પુત્ર.
વિદુર=વિચિત્રવીર્યના ઘરની દાસીને વ્યાસથી થયેલો પુત્ર; ધૃતરાષ્ટ્રના નાનાભાઇ
કુંતી=સુરસેન જાદવની પુત્રી ને વસુદેવની બેન.
મદ્ય=દારૂ.
રૂચિ=ભાવ; ઇચ્છા.
મૈત્રી=દોસ્તી; ભાઇબંધી
આગ્રહ=કાલાવાલા.
મતલબ=સ્વાર્થ.
ભીષ્મ=શંતનુના ગંગાથી ઉત્પન્ન થએલા પુત્ર
દ્રોણ=અશ્વત્થામાના બાપ; પાંડવ કૌરવના ગુરૂ.
વિનંતી=અરજ.
નારદ=અજસુત; બ્રહ્મા પુત્ર.
ઋષિ=મુનિ.
ઐક્ય=એકપણું; સંપ.
સંહાર=નાશ.
ભરત કુળ=ભરત રાજાનો વંશ.
વિખ્યાતિ=પ્રખ્યાતિ.
ભરત=ચંદ્રવંશી દુષ્યંત રાજાનો શકુંતલાથી થએલો પુત્ર.
દુરાચાર=ખરાબચાલ.
પ્રલય=નાશ
સમાધાન=નિવેડો
શત્રુવટ=દુશ્મનાઇ
બળીઆ=જોરાવર.
કૌરવ=ધૃતરાષ્ટ્રના છોકરાઓ.
નિમિત્ત=ઉત્સવ; આનંદનો દિવસ.
સંદેશો=કહેણ; સમાચાર

ગુપ્ત=છુપા
વ્રત=નિયમ.
ઉણું=ખામી; કચાશ.
નિરાંતે= નિશ્ચિંતપણે
યથાર્થ=જેવું જોઇએ તેવું; ઘટીત
સ્વતંત્ર=આપ અખત્યાર
હઠીલો=મમતી; જીદી.
ગાંધારી=ગાંધાર દેશના સૌબળા નામના રાજાની પુત્રી; શકુનિની બેન; ધૃતરાષ્ટ્રની સ્ત્રી

પાઠ ૧૫ મો.

મુલતવી=મોકુફ; રાખી મુકેલું
મુલતવી રાખવું=થોભાવી રાખવું.
ત્રાસ=કંટાળો
વાંતરી=કંસારી; સફેદ ઝીણાં જીવડાં.
અખાત્રીજ=વૈશાખ સુદ ત્રીજ
સંચાળવું=છાપરું ચળાવવું.
વાતડ=વાળના જેવી બારીક ફાટ
વાવડ=મરજ; રોગ; વ્યાધિ.
બળીઆ=શિતળા
ભોગ=બળિદાન; નૈવેદ
લવારી=બકારી.
રામ રમી ગયા=મરણ પામી.

પાઠ ૧૬ મો.

કાજી=કુરાન પ્રમાણે ન્યાય કરનાર.
સહી સિક્ક=નામવાળી છાપ.
થાપણ=પુંજી.
અકબંધ=તોડયા વગર; જેવી હતી તેવી.
તખ્ત=પાદશાહને બેસવાની બેઠક.
બેફીકર=નચિંત.
તૂણનાર=વણાટની પેઠે સાંધનાર.
બેશ=સરસ
રફુ કરવું=તૂણવું
ખુદાવંદ=પ્રભુ; માલિક
પાક=ચોકખી; શુદ્ધ

પાઠ ૧૭ મો.

સાવિત્રી=એ મદ્ર દેશના અશ્વપતિ રાજાની પુત્રી; સત્યવાનની સ્ત્રી.
મદ્ર=એ નામનો દેશ; હાલનું ભુતાન બુટાન.
તપોવન=તપ કરવાનું જંગલ
મુનિ=મનને મારનાર ઋષિ
શાસ્ત્ર ચર્ચા=ધર્મ સંબંધી વિવાદ
કિશોર વય=બાર પંદર વરસની ઉંમર
અવંતી નગરી=ઉજ્જેન નગરી.
પદભ્રષ્ટ=ગાદીએથી ઉઠાડેલો.
નિશ્ચય=ઠરાવ.
અર્પણ કર્યું=આપી દીધું.
મિથ્યા=ફોક
સ્વયંવર=ઇચ્છા વરને માટે જે સભા ભરવી તે.
અનિત્ય=નાશવંત
નિત્ય=હંમેશ ટકે એવું
ભવન=ઘર
ભાખેલા=કહેલા
ભવિષ્ય=આવતા વખતની વાત.
મિષે=નિમિત્ત; બહાને

પતિવ્રતા=શિયલ પાળનારી
સાધ્વી=સાધુ ગુણવાળી
પ્રતાપ=બળ
જીવતદાન=જીવનું દાન

પાઠ ૧૯ મો.

રાજકુટુંબ=રાજાના સગાં વહાલાં
સંગીન=જોરાવર; મજબુત
રાજકુળ=રાજાનો વંશ
પુરાણું=જુનું; અસલનું
દેવ=ઇસુખ્રિસ્ત
અસલ=પહેલાં
વડીલ=મોટાં
પત્ની=સ્ત્રી; ધણીઆણી
ડેન્માર્ક=એ યુરોપખંડમાં દેશ છે.
ખુબસુરતી=રૂપ
કંગાળ=પૈસે ટકે ગરીબ
બરદાસી=ચાકરી
સારવાર=બરદાસ
કમનસીબે=માઠા ભાગ્યે
નિર્બળ=નબળી
માવજત=સંભાળ
કાળ થયો=મરી ગયા.
યુવરાજ=ગાદીનો વારસ; પાટવી કુંવર
ઇલકાબ=ખિતાબ
નૌકાસૈન્ય=વહાણનું લસ્કર
તાલીમ=કેળવણી; શિક્ષણ
અનુભવ=માહીતી
કેમ=તરીકે
સંતાન=છોકરાં
શહેનશાહ=મહારાજાધિરાજ
અમીર=જેને સરકાર તરફથી ખિતાબ જાગીર વગેરે મળેલું હોય તે
ઉમરાવ=શ્રીમંત
હયાત=જીવતો
ડયુક=ઉમરાવ.
મીસર=એ આફ્રિકા ખંડમાં દેશ છે
પર્યંત=સુધી

સવાલ—અંગ્રેજી રાજકુટુંબ કઈ ઓલાદનું છે? રાણી એલેક્ઝાંડ્રા કોણ? એલેક્ઝાંડ્રા શાને માટે પ્રખ્યાત છે? રાણીએ માતા અને પત્ની તરીકે શું ફરજ બજાવી? એડવર્ડના બીજા કુંવરનું નામ શું? એને શાનો ઇલકાબ મળેલો છે? મહારાજા એડવર્ડ પછી હિંદના શહેનશાહ કોણ થયા? મહારાજા જ્યોર્જ શી બાબતનો અનુભવ મેળવ્યો છે? એમનું લગ્ન ક્યારે કોની સાથે થયું? યુવરાજના વડા કુંવરનુ નામ શું? શહેનશાહને હાલ કેટલી બેનો છે? તેઓનું લગ્ન કોની સાથે થયું છે? શહેનશાહને ભાઇ કેટલા હતા? હાલ કેટલા છે? જે ભાઇ હયાત છે તેનું નામ શું? તેની ટુંકી હકીકત કહો.

સાર—આપણી પાસે ઘણી દોલત તથા જાગીરો હોય તોપણ મોજમજાને આળસમાં વખત ગુમાવવો નહિ.

પાઠ ૨૦ મો.

વની=વિનાની; વર વગરની હજો પણ ધર વની ન હશો= મતલબ કે વર વગરની હોજો પણ ઘર વગરની ન હજો.

ધામ=ઠેકાણું; ઠામ; જગા.

સ્વાર્થ=પોતાની મતલબ

વિદાયગીરી=જતાં રહેવું તે.

આપ મતલબી=સ્વાર્થી

ડેસ=ડોકર

રાવ=ફરિયાદ.

રોદણાં=કોઇને રાવ અથવા રોવા જેવાં દુઃખ કહેવાં તે

રોકકળ=રડવું કકળવું તે

ખોદ=ખોળો

પાઠ ૨૨ મો.

ગીરનાર=એ કાઠિઆવાડમાં પર્વત છે

સંઘ=જાત્રાળુઓનું ટોળું

ઉલટી=વામીટ; ઓકારી

બેશુદ્ધ=ભાન વગરના.

જે જે=જય જય

દેરડી=દેવડી

શેરડો=પગથી; ખેતરમાં બે પાસના છોડવાની હારની વચમાંનો રસ્તો.

વાળ=કેશવાળી; ગરદન પરના વાળ.

વિકરાળ=બિહામણું.

ડોળી=કાવડના એક ભાગ જેવું એટલે માંચી સરખું હોય તે:

ઝુલતી માચી

અવલોકન=ધારીને ધારીને જોવું તે.

ગૌમુખી=ગાયના મોં જેવું હોય ને તેમાંથી પાણી વહે તે.

પાઠ ૨૩ મો.

સ્થાનક=દહેરાં

દત્તાત્રય=ગીરનારના પર્વતમાં જ્યાં દત્તાત્રયનાં પગલાં છે તે જગો. દત્તાત્રય એ અત્રિ ઋષિ પ્રજાપતિના ત્રણ પુત્રમાંના એક, વિષ્ણુના ૨૪ મા અવતારમાં એક છે.

અશોક=એ બિંદુસારનો પુત્ર અથવા ચંદ્રગુપ્તનો પૌત્ર.

દિંગ=તાજુબ.

ફેફરૂં=મોઢે ફીણ આવે એવો રોગ

ભવ=અવતાર

ટૂંક=શિખર

પરાં=આઘેનાં; દૂરનાં.

પાઠ ૨૪ મો.

પાક દાનત=ખરી નિષ્ઠા

દષ્ટાંત=દાખલો

ઉશ્કેરણી=શીખવણી.

ત્રાસ=ડર; બીક.

કવાયતી=કસરતી

નિર્દય=ધાતકી.

હૃદય પીગળે=દયા આવે
નિરાધાર=આધાર વગરની
નિરપરાધી=બીન ગુને હગાર.
ક્રૂરતા=નિર્દયપણું
ચુપકીથી=છાનામાના
ભસ્મ=રાખ; ખાખ
સંભવ=આશા
માણત=ભોગવત
સ્તુતિ પાત્ર=વખાણવા લાયક
સર કર્યું=જીત્યું; તાબે કર્યું.
હયાત=જીવતી
વખાણ=તારીફ
નીમકહલાલી=ખાધેલાનો બદલો વાળવે. તે
સુકૃત=સારાં કામ

પાઠ ૨૬ મો.

છુટ્ટી=રજા
ખબર અંતર=સમાચાર
ફજેત=ગેરઆબરૂ
કાળજું કપાઇ જાય=દુઃખ લાગે
ડુંકારો=કડવું વચન; સહેજ ઠપકો
ટીકટીક=નવારો
ચોબાલી=ઠાવકી; ડાહી
બુરામાં=ખોટામાં; ભુંડામાં
બેલાશક=બેધડક; ખસુસ; આંચકો ખાધા વગર
સ્વતંત્રતા=આપ અખત્યારી

પાઠ ૨૭ મો.

નઠોર=જેને શિખામણ ન લાગે તે; લાજને લાગણી વગરના
અભાગણી=ભાગ્યહીન; કમનસીબ
અળવીતરાં=અટકચાળાં; અવળચંડા
ગડદાપાટુ=ઠીકા અને લાતો
અધમોઇ=મરણતોલ
ઝૂડયો=ઝપેટયો
લપડાક=થપડાક; તમાચો
પરિણામ=ફળ
સાંરાટવું=ગાળો દેવી
ગાંઠ ગણાયછે=પત કરતા નથી; ગણકારતા નથી
આયનો=આરસો; તકતો
દાબ=અંકુશ; કરબ
સ્વચ્છંદે=પોતાની મરજી પ્રમાણે; ગમે તેમ
અનુસરે=જોયા પ્રમાણે ચાલે; નકલ કરે
અલગ=દૂર; આઘા
તક=વખત
જીજ્ઞાસા=જાણવાની ઇચ્છા; પડપૂછ
આતુરતા=અધીરાપણું; ઇંતેજારી

પાઠ ૨૮ મો.

ખુઆરી=નાશ
દહેશત=ધાસ્તી, બીક; ભય
સાંસા=તંગી
છવાએલું=ઢંકાએલું
આગ્રહી=મંડયા રહેનાર
સરહદ=હદ
વખો=દુઃખ
અણીની વખતે=આખર ઘડીએ
કામદાર=દિવાન;વજીર,

માલ=દમ: લાભ
સલામત=નિર્ભય.
ગળગળો=રડવા જેવો
અન્નદાતા=પોષણ કરનાર; ખાવાનું આપનાર
તાકાત=બળ; જોર.
રાજભક્તિ=વફાદારી.
સ્વદેશ પ્રીતિ=પોતાના દેશ પરહેત

પાઠ ૩૦ મો.

અજ્ઞાન=સમજણ વગરના.
અજ્ઞાનતા=અજાણપણું
કોળીઆ=બાચકા; ગ્રાસ
દૃષ્ટિ=નજર.
અવાચક=બોલી ન શકે એવી; બેભાન.
ચકલું=ચકલે મૂકેલો ઉતાર.
છળી=બીધી.
ભૂત=પ્રેત યોની.
શોક=વરની બીજી બાયડી.
ભાડુત=ભાડે રહેનાર
પડછાયો=ઓળો.

વૈદ વૈદનું અને જોશી જોશીનું કહે=વૈદ પોતાને કમાણી થાય એવું કહે મતલબ કે વૈદ ફલાણો રોગ છે એમ કહે અને જોશી કહે ફલાણો ગ્રહ નડે છે.

પરખી=પારખી; ઓળખી.
ગ્રહપીડા=ગ્રહના નડવાથી પડતું દુઃખ
પનોતિ=શનિની દશા
બાધા=માનતા
ખત્તા=ઠોકર
કરડી=સખત: આકારી
આજારી=માંદું
સજજડ=મજબુત
ઉપચાર=સેવા; ઈલાજ
પ્રયોગ=અખતરો; અજમાયશ

પાઠ ૩૧ મો.

મુઠ=ચોટ
કામણ=વશીકરણ; વશકરવાના ઇલાજ
મંછા ભૂત અને શંકા ડાકણ =મનની ઇચ્છા એજ ભૂત અને વહેમ એજ ડાકણ ખરું જોતાં ભૂત અને ડાકણ છેજ નહિ
ડાકણ=ભૂત જેવી સ્ત્રી
દીવાના=ગાંડા
વાયુ=અંગ્રેજીમાં હિસ્તિરિઆ કહે છે તે રોગ
ચાળા=ચિહ્ન
ડાકલું=રાવળીઆ વાઘરી વગેરે માતા આગળ વાજીંત્ર વગાડે છે તે
ભાવસાર=લુગડાં છાપનાર જાત; છીપા
મેમાન=પરોણો
વંત્રી=ભૂતયોની પામેલી વિધવા
સડો=જીવાત
કરેડું=તરતની વિઆએલી ગાય ભેંસનું

દુખ.
સ્પર્શ=અડવું તે
બંધિઆર=જેમાં હવા આવ જા ન થતી હોય તેવી.

પાઠ ૩૩ મો.

વિદુષી=બહુ વિદ્યા ભણેલી સ્ત્રી
નૃત્ય કળા=નાચવાની કળા.
પાક શાસ્ત્ર=રસોઇની વિદ્યા; કડછી કળા
ચાર વેદ=ઋગ્વેદ; યજુર્વેદ; સામવેદ અથર્વ વેદ.
છ શાસ્ત્ર=ન્યાય, વૈશેષિક; પૂર્વમિમાંસા; વેદાંત; સાંખ્ય; પાતાંજલ
પુરાણ=પ્રાચીન ધાર્મિક કથા ગ્રંથ.
સંમતિ=અનુમત
સમર્થ=જોરાવાર
નિર્ણય=નિકાલ; ફેંસલો.
મધ્યસ્થ=નિષ્પક્ષપાત પણે સ્વતંત્ર અભિપ્રાય આપનાર; પંચ; ત્રાહિત.
પક્ષપાત=તરફદારી; તરફેણ
વિરૂદ્ધ=ઉલટો
ફેંસલો=ચુકાદો; ન્યાય
મર્મ=છુપો ભેદ,
યશસ્વી=જશ પામેલો; કીર્તિવંત
અબળા=સ્ત્રી
યાજ્ઞવલ્કય=એ નામના મોટા બ્રહ્મજ્ઞાન ઋષિ
ગાર્ગી=ગર્ગાચાર્ય ઋષિની પુત્રી.
ઉત્કંઠા=હોંસ; આતુરતા
ટક્કર લેવી=તકરારમાં સપડાવું.

પાઠ ૩૪ મો.

લૌએ=હાજર જવાબી. રાજાનો મશ્કરો
હાજર જવાબી=તરત ઉત્તર આપે એવો.
બડી=મોટી
ખુદાવિંદ=મોટા સાહેબ; શેઠ.
નિશ્ચય=ઠરાવ.
વિસારે પડયા=ભૂલી ગયા.
મસ્ત=જોરાવર; તોફાની.
મદ=મસ્તીનું જોર.
નહોર=નખના ઉછરડા
બંદગી=પ્રાર્થના.
નિશ્ચંતપણે=ફીકર વગર
સરપાવ=ઇનામ; બક્ષીસ.

પાઠ ૩૬ મો.

પત્ર વહેવાર=કાગળ લખવાની રીતભાત.
સ્થાપન=મંડાણ; શરૂઆત
ટપાલ=ડાક; પોષ્ટ
સવડ=સોઇ; ગોઠવણ; સગવડ.
ઓફીસ=કચેરીઓ.
પરબીડીઆં=ટિકીટવાળાં કવર.
પત્તાં=કાર્ડો.
ખેપીઓ=કાસદ.
મહોરૂં=છાપ
મારફતે=હસ્તક
માન વાચક=માન

આપનારા
તીર્થરૂપ=પવિત્ર; તીર્થના જેવા પવિત્ર (બાપ અથવા વડીલના નામ સાથે વપરાય છે.)
ચીરંજીવી=લાંબી મુદત જીવનાર. (છોકરાના નામની પહેલાં વડીલ આ શબ્દ વાપરે છે)
રાજમાન=રાજાથી પ્રતિષ્ઠા પામેલું
રાજેશ્રી=રાજાની લક્ષ્મીથી શોભતો
સૌભાગ્યવતી=સારા ભાગ્યવાળી; (જે પરણેલી સ્ત્રીનો ધણી જીવતો હોય તેના નામની પહેલાં વપરાય છે)
ગંગાસ્વરૂપ=ગંગાના જેવી પવિત્ર. (વિધવા સ્ત્રીના નામની પહેલાં વપરાય છે)
ઘટે=યોગ્ય લાગે
શીરનામું=નામ ઠામ
પત્તો=ઠેકાણું.

સૂચના=ચેતવણી; નોટીસ
નમુનો=ખરડો
ક્રમવાર=અનુક્રમે; એક પછી એક.
કસ્બો=તાલુકાનું સૌથી મોટું ગામ (જે ગામમાં ૫૦૦૦ કરતાં વધારે માણસની વસ્તી હોય તે કસ્બો કહેવાય)
રવાને કરી=મોકલી
સવાલ—કાગળ સહીસલામત પહોંચવા માટે કઈ છ સૂચનાઓ ધ્યાનમાં રાખવી.

પાઠ ૩૭ મો.

આદિનાથ=જૈન ધર્મના પહેલા તીર્થંકર; ઋષભદેવજી
શેત્રુંજો=સિદ્ધાચલ
નાભિ=ઋષભદેવના પિતા
મરૂદેવી=નાભિની સ્ત્રી; ઋષભદેવની મા.
ઋષભદેવજી=જૈન ધર્મના પહેલા તીર્થંકર

આદિ=પહેલાં
તીર્થંકર=જૈન મતના મોટા આચાર્ય; સંસારમાંથી તારનાર
ચરિત્ર=વૃતાંત; જીવન ચરિત્ર
હેમચંદ્ર=સિદ્ધરાજ અને કુમારપાળના વખતના એક પંડિત તે મૂળ ધંધુકાના વાણીઆ હતા
ધર્મોપદેશક=ધર્મનો બોધ કરનાર
પરકુટુંબ=બીજાનો વંશ; પરઓલાદ.
દશા=હાલત
વિનીત=નિયમમાં રહેનાર
વિનીતા=અયોધ્યા
પાયદળ=પગે ચાલનારૂં લશ્કર
ચતુરંગ=ચાર તરેહની
મંત્રીઓ=પ્રધાનો; વજીરો; કારભારીઓ
જીરવી=પચાવી
બમલ=કાખ.
બાહુ=મરમાવેલ; ઉભાતા.

વૃક્ષ=ઝાડ.
શાખા=ડાળી
ભયભીત=ગાભરા
કુંભસ્થળ=ગંડસ્થળ; હાથીના માથા ઉપરનો ભાગ
પદ્ધતિ=નિયમ; ગોઠવણ
લિપિ=ભાષા
સંબંધ=જોડાણ; સગપણ
વસંત ઋતુ=ફાગણ અને ચૈત્ર મહીનો
વિલાસ=મોજમજા
હિત=ભલું; કલ્યાણ
ગ્રહણ કર=લે
યતિ=જતિ
સાધ્વી=સાધુવૃત્તિવાળી સ્ત્રી
શ્રાવિકા=શ્રાવકની બાયડી
અંગ=ભાગ.
ધર્મ સંઘ=ધર્મ મંડળ
નિર્વાણ=શાંતિ; મોક્ષ

પાઠ ૩૮ મો.

ગૌતમ બુદ્ધ=બૌદ્ધ ધર્મનો સ્થાપનાર; (એ કપિલવસ્તુના રાજા શુધોદનનો પુત્ર થાય.)
બુદ્ધ=જાગેલો; જ્ઞાન પામેલો
કપિલ વસ્તુ=એ નામનું કલકત્તાની પાસે નગર છે.
અસાધારણ=ઘણીજ
દુનીઆદારી=સંસારી
સ્વાર્થી=મતલબી
ક્ષણભંગુર=જેનો પળવારમાં નાશ થઇ જાય એવું; નાશવંત
ત્યાગ=છોડી દેવું
વૃત્તિ=ઇચ્છા; લાગણી; વલણ
દેહકષ્ટ=તપ; શરીરને દમવું તે
વાદવિવાદ=તકરાર; ચર્ચા
સંતોષ=તૃપ્તિ
માર્ગો=ધર્મના ફાંટા
કંટાળી=કાયર થઈ
નિશ્ચય=પાકો ઠરાવ
વિષય=કામ; ભોગ
નિર્વાણ=મોક્ષ; શાંતિ
શાંતિ=મોક્ષ
સદાચાર=સારી ચાલ
નમસ્કાર=નમન; હાથ જોડ
ગાડર=ઘેટાં
ગાડરીઓ પ્રવાહ=ઘેટાંની માફક એકે કર્યું તેમ બીજાએ કરવું એવી જે રીત તે; દેખાદેખી
ધર્માચાર્યો=ધર્મનો ઉપદેશ કરનારા
ઇત્યાદિ=વગેરે વગેરે
પરસ્પર=એક બીજાની
ફરજ=કર્તવ્ય; ધમ
પંચશીળ=સદાચરણના પાંચ નિયમ
હિંસા=હત્યા; ઘાત
માદક=કેફી; જેમાં કેફ હોય તેવા. ગૌતમબુદ્ધે કહેલાં પાંચ સદરણ. ૧) અહિંસા (૨) અચોરી ૩) પરસ્ત્રી ત્યાગ. ૪) સત્ય બોલવું ૫) કેફી પદાર્થોથી દૂર રહેવું

પાઠ ૩૯ મો.

ફિરોજશાહ=તઘલખ વંશનો ત્રીજો પાદશાહ (એ મહંમદ ગાંડાનો ભત્રીજો થાય)
વિજય=જીત; ફતેહ
સ્વદેશ આતર=પોતાના

દેશને માટે
રણે ચઢયા=લડાઇમાં ગયા
યશસ્વી=કીર્તિવંત
ઇતિહાસ=તવારીખ; આગળ થઇ ગએલા રાજાઓના ગુણ દોષ તથા તેમની રાજનીતિનું જેમાં વર્ણન કરેલું હોય તે પુસ્તક
બેશક=નક્કી
પ્રકાશવા=જાહેર કરવા; ફેલાવવા
તેજસ્વી=કીર્તિમંત
હેરાનગતિ=દુઃખ; કનડગત
ધર્મિષ્ઠ=ધર્મ પ્રમાણે ચાલનાર
કબર=ઘોર
તગાવી=ખેડુતને સરકારે ઉછીના નાણાં આપવા તે
દસ્તાવેજ=સ્ટાંપપર લખેલો લેખ
કુરાન=મુસલમાની ધર્મ પુસ્તક; મહંમદ પેગંબરની આજ્ઞા અને વચનોના સંગ્રહનું પુસ્તક
ખુદા=પરમેશ્વર
નહેર=નદીમાંથી દૂર પાણી લઇ જવા માટે ખોદેલો રસ્તો
બંધ=રેલના પાણીને શહેરમાં આવતુ અટકાવવા માટે જે બાંધકામ કરેલું તે
મદ્રેસા=નિશાળ
સરા=વટેમાગુઓને ઉતરવાની ધર્મશાળા
જમના=એ નદી હિમાલયના જન્મોત્રી શિખરમાંથી નીકળી આગ્રાને અયોધ્યાના સંયુક્ત પ્રાંતમાં વહી ગંગાને મળે છે એને કાંઠે થાનેશ્વર, દિલ્હી, મથુરા, આગ્રા, ઇટાવા, કાલ્પી અને અલ્હાબાદ શહેરો છે
સતલજ=એ હિમાલયમાં આવેલા કૈલાસ શિખરમાંથી નીકળી પંજાબમાં વહી સિંધુને મળે છે એને કાંઠે લુધીઆના, ફિરોઝપુર અને ભાવલપુર
ઇંજનેર=બાંધકામનો અનુભવી.
ફળદ્રુપ=રસાળ
શોખ=કોડ; ઈચ્છા.
પડતર=ખેડાણ વગરની
બીનરોજગાર=નિરૂદ્યમ
મૂર્તિપૂજા=મૂર્તિને પૂજવાની ક્રિયા.
કનડતો=હેરાન કરતો.
કાબેલ=હોશિયાર
આબાદી=ચઢતી

પાઠ ૪૦ મો.

મીરાંબાઈ=મેડતાના જયમલ રાઠોડની પુત્રી
ચરિત્ર=ધ્યાન; ખ્યાલ.
સંવત=વિક્રમનો શક; વિક્રમના શકનું કોઇ પણ વર્ષ
વિષ્ણુ ભક્ત=વિષ્ણુની ભક્તિ કરનાર
સ્વાભાવિક=કુદરતી
મત=ધર્મનો માર્ગ
રહેણી કરણી=ચાલ

ચક્ષુગત
શિવમાર્ગી=મહાદેવને માનનાર
વાદવિવાદ=તકરાર; ચર્ચા
ભક્તિભાવ=ભાવથી સે-વાન કરવાની આસ્થા
વલણ=વૃત્તિ; લાગણી
કોયલ=કાળા રંગનું મધુર રાગનું પક્ષી
શ્રોતા=સાંભળનાર
રાજમાતા=કુંભારાણાની મા
વ્યર્થ=ફોકટ; નકામો
શ્રદ્ધા=આસ્થા; ભરોસો
ખ્યાતિ=નામના
જુસ્સો=મનનો ઉભરો; લાગણી
સંન્યાસી=વેરાગી; ત્યાગી
સાધ્વી=સાધુ વૃત્તિવાળી
છુટકારો=નિકાલ
મૂલ્યવાન=કિંમતી
વૃંદાવન=ગોકુળની પાસેનું વન (અહીંઆ શ્રીકૃષ્ણ ભગવાને લીલા કરી હતી.)
ડાઘ=એબ; કલંક
તાર્યું=ઉગાર્યું
દરમિઆન=અરસામાં

પાઠ ૪૧ મો.

અમરકોટ=સિંધના થરપારકર જિલ્લાનું મુખ્ય શહેર
મેમાન=પરોણો.
કુશળતા=હોશિયારી; ચતુરાઇ
ગેરબંદોબસ્ત=અવ્ય-
વિસ્તાર=ફેલાવો [વસ્થા
પટરાણી=મુખ્યરાણી
જયપુર=એ રજપુતસ્તાનમાં શહેર છે. (અહીંનાં ઘરની બાંધણ વખાણ છે)
જહાંગીર=અકબરનો છોકરો; એનું બીજું નામ સલીમ; જગતને જીતનાર
જમાબંધી=જમીનનું મહેસુલ નક્કી કરવું તે
ફારસી=પરશિયન; ઇરાન દેશની ભાષા
ભાષાંતર=તરજુમા
સુભટો=સારા લડવૈયાઓ
સામંત=સેનાપતિ
તત્વ=સાર
સરસાઇ=સ્પર્ધા
બેધડકપણે=બીક વગર; નિર્ભયતાથી
દકસાઇ=દ પું
જજીઆવેરો=માથાવેરો
મહાવ્રત=બ્રાહ્મણ અથવા માગનારને અન્ન આપવાનો જે ધર્મ માર્ગ તે; અન્નછત્ર
લોકપ્રિય=રૈયતને વહાલો
પ્રજાપાળક=રૈયતને પાળનાર
સ્વર્ગવાસી થયો=મરણ પામ્યો.

પાઠ ૪૨ મો.

નુરજહાં=મીરઝા ગ્યાસની છોકરી; જહાંગીરની બેગમ; જગતનું તેજ—રૂપ.
નુરજહાં નામ પાડવાનું કારણ એકે એ ઘણી ખૂબસુરત હતી
ગર્ભવતી=દહાડાવાળી; હમેલવાળી.
દરજજે=હોદ્દે.
જનાનખાનું= સ્ત્રીઓ રહેતી હોય તે જગા
પરવાનગી=રજા; છૂટ.
શાહજાદીઓ=રાજકુંવરીઓ.
કુરાને શરીફ=મુસલમાની ધર્મનું મુખ્ય પુસ્તક.
તરૂણ=જુવાન.
ધામધુમ=ઠાઠમાઠ, ભપકો.
શેર=વાઘ.
ખિતાબ=ઇલકાબ
દંગો ફિસાદ=હુલ્લડ તોફાન.
દાદ=ફરિયાદ.
[illegible]=હુકમ.
[illegible]=ધણી
[illegible]સુર=બીનગુનેગાર; નિરપરાધી
વ્યવસ્થા=ગોઠવણ; બંદોબસ્ત.
જાહોજલાલી=શોભા.
વટાળે=હરાવે.

પાઠ ૪૩ મો.

સર ટોમસરો=જહાંગીરના વખતમાં ઇંગ્લાંડથી આવેલો વકીલ.
મુલાકાત=મેલાપ.
છૂટથી=મરજી મુજબ.
કોલકરાર=સરતપટા; ઠરાવ
એલચી=વકીલ; પ્રતિનિધિ.
હેવાલ=વૃતાંત, બયાન; વર્ણન.
માહીતી=ખબર.
આગતાસ્વાગતા=પરોણા ચાકરી.
ઝડતી=તપાસ.
માનમરતબો=આબરૂ અને મોટાઇ.
પ્રતિનિધિ=બીજાને બદલે કામ કરવાને નિમાયલો અધીકારી; વકીલ.
આગ્રહ=હઠ.
ગણના=ગણતરી.
આબાદ=સુખી
ઇજારો=ધણી અથવા સરકારને કેટલાક પૈસા આપવા કબુલ કરી નફો નુકસાન પોતાને માથે વહોરી લઇ જે વહેવાર ચલાવવો તે; કંટ્રાકટ.
જૂજ=થોડા.
ઘરવટ=ભાઇચારો; પોતીકાવટ.
ઠઠ્ઠા મશ્કરી=ટોળાટપ્પા
જામ=પ્યાલો.
બેભાન=શુદ્ધિ વગરનો
ક્રૂરતા=નિર્દયતા.
ઇસુખ્રિસ્ત=ખ્રિસ્તી ધર્મ સ્થાપનાર.
ઉમરાવ=શ્રીમંત.
વુલા=એક પાસે પુરૂષ

અને બીજે પાસે કિંમતી ધાતુ કે જવાહારિ મૂકી તોલ કરવાની ક્રિયા
કનાત=તંબુની કપડાની ભીંત
ખટપટ=પ્રપંચ
લાંચ=પગાર કરતાં બીજું કાંઈ છાની રીતે લેવું તે
પાદરી=ખ્રિસ્તી ધર્મોપદેશક

પાઠ ૪૪ મો.

અક્ષાંશ=વિષુવવૃત્તથી ઉત્તર કે દક્ષિણમાં કોઇ જગાનું જે અંતર હોય તે
રેખાંશ=કોઇ મુકરર કરેલા રેખાંશ વૃત્તથી પૂર્વ કે પશ્ચિમમાં કોઈ જગાનું જે અંતર હોય તે
વિષુવવૃત્ત=ગોળાની મધ્યમાં થઇને પૂર્વ પશ્ચિમમાં જનારી લીટી
સમાંતર=સરખું અંતર
રેખા=લીટી
બિંદુ=ઝીણું ટપકું
ધ્રુવ=ધરીનો છેડો
અક્ષાંતવૃત્ત=વિષુવવૃત્તથી સમાન્તર ઉત્તર દક્ષિણ જે આડી લીટીઓ દોરેલી હોય છે તે
પરિધ=ફરતો ઘેર; ઘેરાવો.
છેદીને=કાપીને
રેખાંશવૃત્ત=વિષુવવૃત્તને કાટખૂણે છેદીને પૂર્વ પશ્ચિમ જે ઉભી લીટીઓ દોરેલી હોય હોય છે તે
વૃત્ત=ગોળ લીટી

સવાલ--નકશામાં આડી ઉભી લીટીઓ શા માટે દોરેલી હોય છે? વિષુવવૃત્ત, અક્ષાંશવૃત્ત, અક્ષાંશ અને રેખાંશની વ્યાખ્યા બોલો.

પાઠ ૪૫ મો.

ત્રાંસો=તિરકસ
નિયમિત=મુકરર
કિરણ=સીધી લીટીમાં પડતો પ્રકાશ
વ્યાપાર વાયુ=વેપારને માટે અનુકૂળ આવે એવો પવન
મોન્સુન=નૈઋત્ય દિશા તરફથી નિયમિત આવનારો પવન
વાવાઝોડું=પવનનું તોફાન
આંટી=જે પવનથી આકાશ ધૂળથી છવાઈ જાય છે તે

સવાલ—ધુમાડો સીધો ન જતાં ત્રાંસો જાય છે, આગ લાગે ત્યારે પવન છૂટે છે તેનું કારણ શું તે સમજાવો. સૂર્યના તાપથી

પવન ઉત્પન્ન થાય છે તે દાખલો આપી સમજાવો. દરિઆ કિનારે રોજ નિયમિત વા કેટલાક પ્રકારનો વાય છે? જમીન તપે છે તેટલું પાણી તપતું નથી તેનું કારણ શું? સમુદ્ર તરફથી જમીન તરફ અને જમીન તરફથી સમુદ્ર તરફ વા કયે વખતે વાય છે અને તેનું કારણ સમજાવો. વેપારવાયુ વિષુવવૃત્તથી ઉત્તર તથા દક્ષિણમાં કેટલા અક્ષાંશ સુધી વાય છે અને તેનું કારણ કહો. મોન્સુન વા કયા કયા દેશોમાં વાય છે? હિંદુસ્તાનમાં ઘણો તાપ ક્યારે પડે છે અને તે પડવાનું કારણ સમજાવો. હિંદુસ્તાનમાં વરસાદ કયા ખુણામાંથી આવે છે અને તે ખુણામાંથી આવવાનું કારણ કહો. શિયાળામાં વા કયા ખુણામાંથી વાય છે અને તેનુ કારણ સમજાવો. અનેક જાતના વા ઉત્પન્ન થવાનું કારણ શું.

પાઠ ૪૬ મો.

તળેટી=પહાડના મૂળ આગળની જગા.

મલબારકાંઠો=મદ્રાસ ઇલાકાનો પશ્ચિમ કિનારો.

પાટડાં=જાડા ચોરસ લાકડા.

મોલમીન=એ બ્રહ્મદેશના ટીનાસરીમ પ્રાંતનું મુખ્ય શહેર છે

જંગી=લાંબો ને જાડો.

જળાઉ=બાવળનાં

અબનુસ=ટીમરવાના ઝાડનો ગર અથવા માંહેલો ભાગ સીસમ જેવો હોય છે તે

ખેરસાર=ખેરના લાકડામાંથી કાઢે છે તે (એ દવામાં ઉવરસ ઉપર વપરાય છે)

ઉપજીવિકા=ગુજરાન; ગુજારો

સવાલ—ગુજરાતમાં હાલ કયાં જંગલો છે? હિંદુસ્તાનમાં મોટાં જંગલો કયાં કયાં છે? જંગલમાંથી શું શું આવે છે? જંગલનો સૌથી મોટો ઉપયોગ શું?

પાઠ ૪૭ મો.

વહેવાર=આવવા જવાના.

નહેર=નદીમાંથી ખેતીવાડી માટે દૂર પાણી લઇ જવાને જે મોટી ખાડી ખોદેલી હોય છે તે.

લોઢાની સડક=રેલવે

સડક=પત્થરા નાખી બાંધેલો રસ્તો.

ગવર્નર જનરલ=ગવર્નરોના ઉપરી.

પેશાવર=એ વાયવ્ય સરહદ પ્રાંતનું મુખ્ય શહેર છે. (એ મોટું લશ્કરી અને વેપારી મથક ખૈબરઘાટને નાકે આવેલું છે.)

અનુક્રમે=એક પછી એક

જામતો=ફેલાતો.

દર=ભાડું

ઉપલાણે=ઉપરની બાજૂએ.

સવાલ—હિંદુસ્તાનમાં વહેવારના મુખ્ય કેટલા રસ્તા છે અને તે કયા કયા? કઇ કઈ મોટી કેટલી સડકો કયાંથી નીકળી કયાં કયાં મોટાં શહેરોમાં થઇ જાય છે તે કહો. હિંદુસ્તાનમાં લોઢાની સડક કયા સનમાં નંખાઇ અને તે વખતે ગવર્નર જનરલ કોણ હતા, અને તે કયાંથી કયાં સુધી નંખાઇ? હાલ કેટલા મેલની રેલવે બંધાઇ છે? મુંબાઇથી પેશાવર, દિલ્હી અને મદ્રાસ કેટલા દૂર છે. આગગાડીને રસ્તે ઉપલા શહેરોમાં જતાં કેટલાક દિવસ લાગે છે? સાદી સડકની મુસાફરી કરતાં આગગાડીની મુસાફરીમાં શા શા ફાયદા છે તે કહો. હિંદુસ્તાનના પશ્ચિમ તથા પૂર્વ કિનારાનાં મોટાં બંદરો ગણાવો. કરાંચી અને રંગુન વચ્ચે સમુદ્ર વાટે કેટલા મેલનું અંતર છે? હિંદુસ્તાનની કઇ કઇ મોટી નદીઓમાં આગબોટ તથા વહાણો જઈ શકે છે? કોચીન, ત્રાવણકોર, અને મલબાર કાંઠાની બાજુમાં કેવાં સરોવર છે?

પાઠ ૪૮ મો.

પ્રવાસ=મુસાફરી.

પ્રદક્ષિણા=ચોગરદમ ફેરી વળવું તે.

બાફું=અંદર.

સતત=ચાલુ

ઝાંખી થાય=દેખાય; નજરે પડે

પ્રવેશ કરવો=દાખલ થવું

ભુખડું=ભુખે પીડાતું
કંપની=મંડળી
ટાઢક=ઠંડક
પોર્ટ=બંદર
ધુળીઉં=ધુળાદિવાળું
વેરાન=ઉજ્જડ; વસ્તી વગરનો.
ભુમધ્ય=પૃથ્વીની વચમાં આવેલો સમુદ્ર
પાયતખ્ત=રાજધાની; રાજગાદી
વિશ્રામસ્થળ=આરામ લેવાની જગા જેવા કે બાગબગીચા વગેરે
નાટકગૃહો=જે મકાનમાં નાટક થાય છે તે
સંગ્રહસ્થાનો=પદાર્થનો
દીંગ=તાજુબ

પાઠ ૪૯ મો.

બ્રિટિશ બેટો=ગ્રેટ બ્રિટન અને આયર્લાંડ.
લંડન=એ ઇંગ્લાંડની રાજધાનીનું શહેર ટેમ્સ નદીને કાંઠે છે.
સમૃદ્ધિ=દોલત.
માંચેસ્ટર } લીવરપુર } = એ ઇંગ્લાંડમાં કાપડ વણવાના કારખાનાને માટે પ્રખ્યાત છે.
એડિંબરો=એ સ્કોટલાંડની રાજધાનીનું શહેર છે.
ગ્રેટબ્રિટન=એ ઇંગ્લાંડ સ્કાટલાંડ અને વેલ્સ મળીને થયેલો છે.
ડબ્લિન=એ લિફી નદીપર આયર્લાંડનું મુખ્ય શહેર.
લિલોતરી=ઝાડપાન; વનસ્પતિ.
થીજી=ઠરી.
પીલા=ફણગા; અંકુર
માવજત=સંભાળ
ગ્રેનાઇટ=એ નામનો કઠણ પથ્થર.
સાહસિક=સાહસ કરનાર; હિંમતવાન.
સુઘડતા=ચોકખાઇ.
ખાણો=જમીનમાંથી ધાતુ કોયલા વગેરે કાઢવા માટે ખોદેલા ખાડા.

પાઠ ૫૦ મો.

આરંભ=શરૂઆત.
પ્રાચીન=જુના.
વિસ્તાર=લંબાઇ પહોળાઇ; ફેલાવો.
વૈભવ=ઠાઠમાઠ; સુખસામગ્રી.
પાર્લામેંટ=ઇંગ્લાંડની રાજકીય સભા. સાધારણ લોકોની, અમીરોની, અને રાજાની સભા મળીને પાર્લામેંટ કહેવાય છે.
રોગિષ્ટ=રોગવાળો.
જાથુકની=કાયમની.
નિકટ=પાડો.
ખેદીવ=એ નામનો મિસરદેશનો પાદશાહ.

સવાલ—બ્રિટિશ બેટો ન ગણીએ તો બ્રિટિશ મહારાજ્યના કેટલા વિભાગ કરી શકાય? અને તે કયા કયા?

પુસ્તક બીજાનું ભાગ ૨ જો સમાપ્ત.

પુસ્તક બીજું—ભાગ ૩જાના અર્થ.

પાઠ ૫૧ મો.

ચાક=ચક્ર પૈડું
આભી=દીંગ; ચકિત
આભીજ=દીંગજ; ચકિતજ
પિંડો=માટીનો લોંદો; ગોળો
મહાવરો=અભ્યાસ.
ડોળીઉં=આકાર; ઘાટ
પજાવો=નીભાડો કે ભઠ્ઠી
માણો=ઘડો
ચપણું=ઠીકરૂં; સકોરૂં
કલેડું=માટીની તાવી.
પરસાળ=ઘરમાં પેસતા પહેલો ઓરડો આવે છે તે
તાસક=ઢાંકણું
ઓપ=ઢોળ
રીઢું=ઘણું વપરાઇને મજબુત થએલું
સાવચેતી=સંભાળ

સવાલ—કુંભાર શી રીતે વાસણ બનાવે છે? માટીનાં કયાં કયાં વાસણો થાય છે? માટીની ગોળીમાં પાણી ઠંડું શા કારણથી રહે છે તે સમજાવો.

પાઠ ૫૨ મો.

કોગળો=મોંમાં પાણી ભરી હલાવીને કાઢી નાખવું તે
ઘૂંટડો=મોંમાં માય તેટલું પાણી
ખટમડું=ખાટું; બહુ ખાટું નહિ એવું
તૂરૂં=તુરાશ પડતું
થું થું=થુંકથુંક
બનાવટી=બનાવેલા
ગોરમટી=ગોરાડુ માટી
બંધક=બાંધો કરનારી; ઝાડો અટકાવનારી
મજબુતી=તાકાત; બળ; જોર.
કાકડો=ગળાની બહારની બાજુએ દેખાતો ગઠ્ઠો (જે ગઠ્ઠો છોકરામાં દેખાતો નથી પુખ્ત ઉંમરના માણસમાં દેખાય છે)
અવાળુ=દાંતનાં પીંડિયા
ફુલવેલી=પકવેલી
ચાંદી=ફોલ્લા; ચાંદા
દાહ=અગન
ગચરકાં=ખાટા ઓરકાર
ઉલટી=વામીટ; ઓકારી
પાસ=અસર
કોકીલું=થોડું હુંફાળું
મેલાં=અસ્વચ્છ
મહીસાગર=મહી નદી
ખદખદે=ખદખદ થાય
ચકતું=એકેલો ગોળાકાર

સવાલ—ફટકડી કેવો પદાર્થ કહેવાય? આપણા દેશમાં ફટકડી કયાં થતી હતી? ફટકડીનો ઉપયોગ કહો. ફટકડી શી રીતે

ફુલાવતા હશે ? ફટકડી ફુલાવતા લખતે ખદપદે છે તેનું કારણશું ?

પાઠ ૫૩ મો.

સીસું=મેલા ભુરા રંગ-ની એક ધાતુ.
યત્ન=મહેનત.
છેકજ=તદન; બીલકુલ; સમુળગું.
તૈયાર=તત્પર.
ગઠો=ગાંગડો.
ઘસરકો=ઘસારાથી પડેલો કાપો; લીટો.
પીગળતા=રસ થતા.
અંગાર=સળગતા કોયલા.
ભાગ્યેજ=જવલેજ. કદાપિ.
બે બોલ=થોડું.
ચોકખી=નરી.
જંગાલ=તાંબાનો કાટ.
કટાણું=કટાયલું.
રદ=નકામું.
મુગી=બોલ્યા વગર.
પરનાળ=છાપરાનું પાણી જવાની નીક
પિત્તળ=ત્રણ ભાગ જસત અને ચાર ભાગ તાંબાના રસની મેળવણી થી જે ધાતુ બનેછે તે
કાંસુ=આઠ ભાગ તાંબુ અને એક ભાગ કલાઇના રસની મેળવણીથી બને છે તે.

સવાલ—રેવાએ સીસા વિષે શી હકીકત કહી ? લલિતાએ કલાઇ વિશે શું શું કહ્યું ? પિત્તળ શી રીતે બનાવે છે ? કાંસુ શી રીતે બનાવે છે ?

પાઠ ૫૪ મો.

કાખ=બગલ,
ડીગ્રી=અંશ; ભાગ,
આંકા=નિશાન.
માયને=અર્થ.
ઉષ્ણુતામાપક=ગરમી માપનાર.
અવકાશ=માર્ગ; ખાલી જગા,
સ્વાભાવિક=મુળની; પ્રથમથીજ રહેલી.
સન્નિપાત=માથે ગરમી ચઢી જતાં લવારીએ ચઢી જવું તે
પારો=એક જાતની સફેદ રંગની પ્રવાહી ધાતુ (ઠંડા મુલકમાં એ ઘનરૂપે હોય છે.)

સવાલ—પારો શું છે? ઠંડા મુલકમાં પારો કેવા રૂપમાં હોય છે ? આપણા શરીરની સ્વાભાવિક ગરમી કેટલી હોય છે ૧૦૫ અંશ ગરમી થાય ત્યારે શું થાય છે ?

વિશેષ સમજ—ઉષ્ણતામાપાક યંત્ર ત્રણ જાતનાં થાય છે સેંટીગ્રેડ, ફારેનહાઈટ અને રોમર. ફારનહાઇટમાં ૦થી ૩૨ અને ૩૨

થી ૨૧૨ સુધી, સેંટીગ્રેડમાંથી ૧૦૦ સુધી અને રેમરમાં ૦થી ૮૦ સુધી આંકા હોય છે.

પાઠ ૫૫ મો.

ખેર=ઝીણીરજ (એ તડકામાં ઉડતી દેખાય છે.
છિદ્ર=કાણું.
વાટે=રસ્તે.
અણગમો=નાપસંદી
ઉસ=એક જાતનો ખાર
સોડા=એક જાતનો ખાર; સાજીખાર;
વરે=ખપે.
વડ=જથા
કોકળવાણું=સહેજગરમ; સહેતુ
ખડીઓખાર=ટંકણખાર
માથાવટી=લુગડાંનો માથાપર ઓઢેલો જે ભાગ ચીકણો થાય છે તે.
ચેપી રોગ=ઉડતો રોગ; ચેપ લાગવાથી બીજાઓને લાગુ પડે તે રોગ, જેવા કે કોલેરા, મરકી વગેરે.
કાર્બોનિક એસિડ=એક જાતનો વાસ મારતો પ્રવાહી પદાર્થ.

સવાલ—કપડા ધોવામાં કઇ કઇ બાબતપર ધ્યાન આપવાની જરૂર છે?

પાઠ ૫૬ મો.

વગ=આમળો; આટા-
ગરડી=અગાસી; ધાબુ
ધોરો=અગાસીની આજુબાજુની થેડી ઉચી ભીંત.
કલ્લી=ચાર આંગળાને અંગુઠાથી વાળેલી ઘડી.
દુપટ્ટા=બેસ
નોટ—કસબીકોર-કિનારી.
રીત=કસબની પટી.
કોકીલું=સહેજ ગરમ.

સવાલ—કપડાં નિચોવવામાં શી સાવચેતી રાખવી? કપડાં સુકવતા અગાઉ શું કરવું? કપડાં કયાં સુકવવાં? ઊનનાં કપડાં શી રીતે ધોશો?

પાઠ ૫૭ મો.

સાર્કા=શેરડીના રસ વગેરેમાંથી ખટાશ પડતો પદાર્થ બનાવે છે તે.
ઝલહ=ભભક; ચળકાટ
ભભક=ચળકાટ; ઝળેહળ.
ટરપેંટાઇન—એક જાતનું વાસ મારતું તેલ. (એ કેટલાક ઝાડમાંથી નીકળે છે.)

સવાલ—રંગદાર કપડાં ધોવામાં શી રીતે કાળજી રાખવી? રંગદાર કપડાં ધોવાની કૃતિ સમજાવો. લીલા ડાઘ કાઢવા માટે શું ઉપાય કરશો? ચીકણા ડાઘ કાઢવા માટે શું ઉપયોગ કરવો?

પાઠ ૫૮ મો.	સહવાસ=સમાગમ; સંગ; સોબત	પોષણ=ગુજરાન
પ્રસંગે=વખતે; અવસરે	ચહેરો=મોંની શીકલ	રૂચિ=ઇચ્છા; મન
વતન=જન્મભૂમિ.	અપચો=અજીરણ	બેસ્વાદ=સ્વાદ ન લાગે એવી
જાફત=મીજબાની; ઉજાણી; જમવાનું	પુષ્ટિ=બળ; તાકાત	પ્રમાણ=માપ; મુકાબલે લેવાનું વજન
સૂચના=ચેતવણી	સત્વ=કસ	

સવાલ—ખોરાક રાંધીને ખાવાના કારણ જણાવો. રસોઇ સારી કરવા કઇ કઇ વાતો ધ્યાનમાં રાખવી જોઇએ?

પાઠ ૫૯ મો.	ચીમળાએલા=સુકાવા થી કરચળી પડેલાં	પાટુડી=ટોલી
વળકો=વરાળથી સહેજમાં ચડે તે	ટંકણખાર=ખડિઓખાર	હાજર=તૈયાર;મોં આગળ
વાનીઓ=રાંધેલી ચીજો	છડેલા=ખાંડેલા	મસોતું=કપડાંનો ફાટો તુટો કકડો
બેશ=સારો	કરકર=ઝીણી કાંકરી	કહેવત=કહેતી; અનુભવ સિદ્ધ વાકય?
ટાણે=અવસરે		

સવાલ—ભાજી તાજી રાખવા માટે શો ઉપાય કરશો? રસોઇનો સરસામાન પસંદ કરવામાં કઇ કઈ વાત ધ્યાનમાં રાખવી? રસોઈની બાબતમાં કંઇ કહેવત ધ્યાનમાં રાખવી? રસોઇ કરવામાં જે જે બાબતો ધ્યાનમાં રાખવાની છે તે ગણાવો.

પાઠ ૬૦ મો.	ઢીએ તે જાહેરની જાણવામાં આવી જાય છે તેમજ રાંધેલું તમના ખપી જાય	છે મતલબ કે બોલવામાં જેમ વિચાર કરવો તેમ રસોઈ રકવામાં પણ કેટલું
બોલ્યું બહાર પડે અને રાંધ્યું વરે પડે=જે આપણું બોલીએ		

સીધું સામાન જોઇએ તેનો વિચાર કરવો.
વરા=ખરચ.
અનુભવ=મહાવરો.
ગતે=કળાથી; યુક્તિથી,
આડીઆ=આગળાં ઉભા રાખી બેડકાથી માપવું તે.
મુકરર=નક્કી
મેળવણ=ભેળવણી
બે સ્વાદ=સ્વાદ ન લાગે એવી
આતશ=ગરમી.
હરમી=ઠગીરી
ખાતર=માટે
જીવ=જીવાત
મના=મનાઈ; ના.
રૂપાંતર=આકારમાં ફેરફાર

સવાલ—રસોઇમાં કરકસર કેવી રીતે કરવી તે સમજાવો.

પાઠ ૬૧ મો.

પાર=કિનારો
શરૂઆત=આરંભ
કઢેલું=વધારે ઉકાળેલું
હાજરી=થોડું ખાવું તે; નાસ્તો.
ખુલાસે=સલાહ; અભિપ્રાય.
સાંતરૂં=સીધું; રસોઇની સામગ્રી.
મોળવું=સમારવું
પાતળ=પાનું; પતરાળી
પ્રવેશ=પેસવું તે
કસર=ખામી કચાશ.
ગપ્પાં=જુઠા તડાકા.
ચર્ચા=વાદ.

સવાલ—પુરી ભાગીએ તો મોર મોર થઇ જતી તેનું કારણ શું ? પુરી દડા જેવી ફુલવાનું કારણ શું ?

પાઠ ૬૨ મો.

બીરંજ=મીઠો ભાત; કેસરી ભાત
ટાણેટચકે=વાર તહેવારે
ધાટી=રીત

જેની દાળ બગડી તેનો દહાડો બગડયો અને જેનું અથાણું બગડયું તેનું વરસ બગડયું, મતલબ કે દાળ બગડવાથી ખાવાની મજા જતી રહી તેથી તે દિવસ ભૂખમરો થયો અને અથાણું બગડી જાય તો આખું વરસ અથાણા વગર આપદા પડે માટે એ બે વસ્તુ કરવામાં ખાસ કાળજી રાખવી.

મેળવણ=શાક ભાજી નાખવા તે.
વેસણ=ચણાનો લોટ
લપલપાટ=જોઇએ તે કરતાં વધારે ઉતાવળ
ઓધો=કાચો; કડક.

સવાલ—"જેની દાળ બગડી તેનો દહાડો બગડ્યો અને જેનું અથાણું બગડ્યું તેનું વરસ બગડ્યું" અને "હાથ કરે કે હાટ કરે" એ કહેવત બરાબર સમજાવો.

પાઠ ૬૩ મો.

ઉગડા=અદુખડા

લપલપાટ=જોઇએ તે કરતાં વધારે ઉતાવળ

ઉદ્વેગ=શોક; ચિંતા

કૃત્ય=કામ

અકરાંતીઆ વેડા=ખાઉધરાપણું; બહુ ખાવાની ટેવ.

વારી=વખત

લલુતા=લાલચ.

સવાલ—ખાવામાં કઇ કઇ બાબતો ધ્યાનમાં રાખવી.

પાઠ ૬૪ મો.

એંજીન=વરાળથી ચાલતો યંત્ર.

કુદરતી=સ્વાભાવિક; ઇશ્વરે મૂકેલી.

કાયમ રાખવા=ટકાવી રાખવાં.

ધરી=લાટ; પૈડાં ભેરવવાની દાંડી.

નિરંતર=હંમેશાં.

સમાર=દુરસ્ત

સ્નિગ્ધ=તેલજેવું ચીકણું

ચરબી=ચામડીની અંદર ઠરેલો ચીકણો પદાર્થ

અંગ=ભાગ

લાહી=ખેળ

સમાવેશ=સમાસ

પોટાશ=વનસ્પતિની રાખમાંથી કાઢેલો એક જાતનો ખાર

ખનીજ=ખાણમાંથી ઉત્પન્ન થએલા

દ્રવ્ય=પ્રવાહી,

પાચનરસ=પચાવનાર સત્વ.

પુષ્ટિકારક=જોરાવર આપનાર; તાકાતવાન

માંસહારી=માંસ ખાનાર

વનસ્પતિ જન્ય=વનસ્પતમાંથી ઉત્પન્ન થએલા.

સવાલ—ખોરાકની જરૂર શામાટે છે? ચરબી વધારવા માટે કયા પદાર્થ ખાવાની જરૂર છે? કયા પદાર્થ માંસ વધારે છે? ક્ષાર પદાર્થ ખાવાની જરૂર શા માટે છે? દૂધ કરતાં પણ વધારે ફાયદાકારક શું છે? વનસ્પતિ જન્ય પદાર્થના કેટલા વર્ગ પાડી શકાય અને તે કયા કયા?

પાઠ ૬૫ મો.

થુલું=ભુસું
પોષણ=ગુજરાન
જઠરાગ્નિ=જઠરમાંની ગરમી જે અન્ન પચાવે છે તે
રગો=નસો
તેજી=જુસ્સો; શક્તિ
જ્ઞાનતંતુ=મગજને ખબર પહોંચાડનારી ઝીણી તાર જેવી નસો
મગજ=ભેજું; માથાની અંદરનો ભાગ
ક્રિયા=કાર્ય

સવાલ—દાણામાં શેનો શેનો સમાવેશ થાય છે? દાણામાં વધારે પુષ્ટિકારક શું છે? કઠોળમાં શેનો શેનો સમાસ થાય છે? કંદમૂળમાં શેનો શેનો સમાસ થાય છે? લીલાં શાક ભાજીમાં કયું તત્વ વધારે હોય છે? ચા, કાફી અને કોકો એ ત્રણમાં વધારે ફાયદાકારક શું છે?

પાઠ ૬૬ મો.

ચમત્કારી=નવાઈ જેવી
ડીંડવું=જીંડવું
રૂ=આંકડાની દોડીમાંથી જે બારીક રૂ જેવા પદાર્થ નીકળી ઉડે છે તે
નરમો=દેવકપાસ
સાકા=રેસા; તાંતણા
આકર્ષાય=ખેંચાય
અધાર=પંખીની વિષ્ઠા
વેરાન=ઉજ્જડ
નરી=એકલી
નરીઆંખે=સૂક્ષ્મદર્શક યંત્ર વગર
અર્થે=માટે
ફુટાં=વરડાં
વરડાં=ફણગા ફુટેલા કઠોળના દાણા
જીવંત=જીવવાળો
રક્ષણ=સંભાળ

સવાલ—વનસ્પતિને ગમે ત્યાં ઉગાડવા માટે પરમેશ્વરે શી યુક્તિ કરી છે?

પાઠ ૬૭ મો.

કઠોળ=દ્વિદળ ધાન્ય
દ્વિદળ=બે દાળ થાય એવું
પૂર્વીઆ=પૂર્વના ભણીના દેશના લોક જેને હિંદુસ્તાની લોક કહે છે તે
સોતી=સાથે
અડદાળુ=અડદ બાજરી કે બીજું કંઇ કઠોળ ભેળીને તેના લોટના રોટલા કરે છે તે
વેઢમી=પુરણપોળી
બાદી=અજીરણ; અપચો

સવાલ—કઠોળનો ઉપયોગ કહો.

પાઠ ૬૮ મો.

લાળ=ચીકણું થુંક

ખટરસ=છ રસ જેવા કે મીઠો, ખારો, ખાટો, કડવો, કટાણો અને તીખો.

સબરસ=મીઠું

આંબોળીઆં=કેરીના કકડાને મીઠું દઈ સુકવી મૂકેલા તે

સવાલ—મસાલાનાં નામ દો.

પાઠ ૬૯ જો.

તેજાના=આદુ, સૂંઠ, મરી, તજ, લવંગ, જાયફળ, ઇલાયચી, વગેરે

પ્રદીપ્ત=તેજવાળી

પાક=પુષ્ટિકારક ને પાચનકારક ખોરાક (સાલમપાક હરડેપાક વગેરે)

અંતરછાલ=માંહેની છાલ

ગીનો=કેફવાળો, ઘેન

સુવાસિત=સારી વાસ વાળો

અંબકોશ=ખબજીઆત

મુખવાસ=જે ખાવાથી મોં સુગંધીદાર થાય તેવા પદાર્થો.

તીવ્ર=જલદ

શ્રીમંત=પૈસાદાર

ડુંટી=નાભી

કસ્તુરીમૃગ=જે હરણમાંથી કસ્તુરી નીકળે છે તે (મૃગ=હરણ

પાઠ ૭૦ જો.

ચિકાણુ=ચીકટવાળું

જલદ=સખત; તીવ્ર

સરસીઉં=સરસવનું તેલ

ડોળીઉં=મહુડાંના ફળનાંથી કાઢેલું તેલ

કાબરી=કસુંબીના છોડનાં બી

તેજ=પ્રકાશ

ફુલેલ=ફુલનું તેલ

વેહ=છિદ્ર

ગ્રહણ કરે છે=લે છે.

જુલાબ=રેચ, ઝાડા

સવાલ—કયા કયા બીમાંથી તેલ કાઢવામાં આવે છે? તેલનો ઉપયોગ કહો.

પાઠ ૭૧ મો.

ફેરીઓ=શેરીમાં ફેરી ફરી માલ વેચનાર

ચીડ=કંટાળો; અણગમો.

દેખાવડો=શોભીતો.

અણછુટકે=નાઇલાજે.

ગોટાળો=ગુંચવણ

સવાલ—ફેરીઆ પાસેથી માલ ન લેતાં બજારમાંથી લેવાથી શું લાભ ?

પાઠ ૭૨ મો.

પરગામી=પરદેશના રહેવાસી
કમાણી=પેદાશ
ઇરાદો=મનસુબો; વિચાર
વિટંબણા=હરકત; આપદા
તંદુરસ્તી=આરોગ્યતા
શરદી=ભેજ
વગ=સગવડ; સોઇ
દક્ષિણદ્વારૂં=દક્ષિણ દિશાના બારણાવાળું
નખોદ=નસંતાન: સત્યાનાશ
વાછંટ=વાથી ઉડેલા છાંટા
ખંડ=ઓરડો
સોઇ=સવડ; જોગવાઈ
કોઢીઆં=ઢોરને બાંધવાની જગા
અલગ=જુદા; નોખા
સંડાસ=જાજરૂ
પ્રવેશ કરે છે=દાખલ થાય છે
મોખરે=આગળના ભાગમાં
કોહાણ=કોહી ગએલો કચરો વગેરે
ધાસ્તી=ભય; બીક.

સવાલ—ઘર બાંધવામાં કઈ કઇ વાતો ધ્યાનમાં રાખવી ?

પાઠ ૭૩ મો.

ત્રાસ=કંટાળો: અણગમો
અવશ્ય=જરૂર
ધુણી=ધુમાડો
લાદી=ઘડીને તૈયાર કરેલો પાટલો પત્થર
આગમણી=ચુલાની આગળ ઓટલી જેવું નપેલાં લાકડાં વગેરે રહેવા માટે કરે છે તે
ગ્રહણ=સૂર્ય ચંદ્રના બિંબપર પડતી પૃથ્વીની છાયા
નેવણ=રસોડું
બાવાં=જાવાં
અલગ=જુદી;અલાયદી
આડ=આંતરો
ઉલેચી=કાઢી
દુર્ગંધ=ખરાબ વાસ
મટકું=ગોળી
કીડિઆરાં=ખામણાં જેવાં માટીનાં થાય છે તે
છોઇ=છોલાણ
મહેરાબ=કમાન
છારી=પડ
ઘટ=જાડું
સંભવ=આશા

સવાલ—રસોડું અને પાણિઆરૂં સ્વચ્છ રાખવાની જરૂર શા માટે છે ? જો સ્વચ્છ ન રાખીએ તો શું થાય ?

પાઠ ૭૪ મો.

ઘરવાખરો=રાચરચીલું
અનુભવ=માહિતી.
શક્તિ=ગજું
સરશે=થશે
ઉપરાંત=વધારે
નિરૂપયોગી=નકામી
તકલાદી=દેખાવડો પણ જલદી ભાંગી તૂટી જાય એવો.
માથે ન મારે=આપણી મરજી વિરૂદ્ધ આપણને સમજાવીને ન આપે
નકશી=કોતરણ
સંપાડવાની=વસાવવાની
ગુંજાસ=શક્તિ; સ્થિતિ
ઢબ=રીત
માલ=શોભા
બિચાત=પાથરણ
ગલેફ=કવર

સવાલ—ઘર વખારો વસાવવામાં શાની શાની જરૂર છે? કોઇ પણ વસ્તુ લેતાં પહેલાં કઇ કઇ બાબતનો વિચાર કરવો ઉધાર લાવવાની ટેવ રાખવાથી શો ગેરલાભ થાય?

પાઠ ૭૫ મો.

ધડો=દાખલો
અનુકરણ=દાખલો
વલણ=ઇચ્છા; વૃત્તિ
અંગુછા=ટુવાલ
વાણ=ખાટલો ભરવાની દોરી
ઉપળાં=સુવાના ખાટલાને એ આડી લાકડાંની પટીઓ હોય છે તે (ઉભી તે ઇસ અને આડી તે ઉપળું.)
છપર પલંગ=મચ્છર દાની નાખી શકાય એવો પલંગ
ઓછાડ=તળાઇપર પાથરવાનું લુગડું
રાચરચીલું=ઘરવાખરો; ઘરમાં વપરાતો સરસામાન
ઓશિઆળું=ઓસીંગણ; આભારી

સવાલ—છબીઓ કેવી પસંદ કરવી? કઇ વસ્તુઓ ખરીદી રાખવી જોઇએ? બિછાનાં કેવાં જોઇએ?

પાઠ ૭૬ મો.

ખડકી=નાનીગલી; ડેલી
રવેશ=ઝરૂખો.
ચોકી=ચોરસ પત્થર જે ચોકથી ઉંચો હોય છે તે
સુઘડ=ચોકખાઇવાળી
ધધુડા=ધોધવા
લીલ=સેવાળ
માઝા=અદબ
મરામત=દુરસ્તી
ત્રાસદાયક=કંટાળો આપનાર
બેચેની=અસુખ
જળપાત્ર=પાણીનું વાસણ
દુરસ્તી=મરામત

સવાલ--ચોકની ઉંડાઇ મધ્યમ શા માટે રાખવી ? ખાળાના મોડાપર જાળી મુકવાનું કારણ શું ? મચ્છર પેદા ન થવા માટે શું ઉપાય કરશો ! પાણીઆરૂં, ખાળ ચોકડી પાસે રાખવું કે નહિ ? અને નહિ તો શા માટે ?

પાઠ ૭૭ મો.

જડ=નક્કર.
ગલ્ફત=ચૂક
અવરજવર=આવ જા.
સ્પર્શ=અડકવું તે.
કાળે=લાંબે વખતે
મઘા નક્ષત્ર=ચંદ્રને પૃથ્વીની આસપાસ ફરવાના માર્ગના ૨૭ ભાગ કરેલા છે તેમને નક્ષત્ર એટલે તારાનો ઝુમખો કહે છે. મઘા નક્ષત્ર ભાદરવા મહીનામાં આવે છે.
ગલીચી=ગંદકી
પોલાણ=પોકલ જગા.

સવાલ--ટાંકાનું પાણી સ્વચ્છ રહેવા માટે કઇ કઇ બાબત પર ધ્યાન આપશો? ગામના પાદરના અને ગામની અંદરના કુવાના પાણીમાં ફેર શા માટે હોય છે ? મકાન કે હવેલીમાં કેટલા ખાડા હોય અને તે કયા કયા ?

પાઠ ૭૮ મો.

ફુવારો=ઉંચે ઉડતું પાણી
ટગર ટગર=એકી નજરે
ચકલી=પેચ
સેર=પાણીની ઉંચે ઉડતી ઝીણી ધાર.
સવેળા=વહેલા; વેળાસર.
વેહ=છિદ્ર.
ચાલુ=કાયમ.

સવાલ--લવજીએ છોકરાઓને ફુવારો ઉંચે ઉડે છે એ શી રીતે સમજાવ્યું તે તમે પ્રયોગથી સમજાવો. પાણીના કયા ગુણને આધારે ફુવારો ઉડે છે.

પાઠ ૭૯ મો.

ઝરા=ઝરણ
ખીણ=બે પહાડ અથવા ટેકરા વચ્ચેની નિચાણ જગા.
સમોવણ=ઉના પાણીમાં ટાઢું પાણી રેડવામાં આવે છે તે
સહેતું=થોડું ગરમ;

ફુંફાએલું

અટકળ=ધારણા; ખ્યાલ; કલ્પના

સપાટી=ઉપલો ભાગ

સંયોગ=ભળી જવું તે; મેળાપ

આંગવું=પોતાની માલકીનું.

સવાલ—ઉના પાણીનાં કુંડનું પાણી ચાખવાથી કેવું લાગે છે ? ગુજરાત પ્રાંતમાં ઉના પાણીનાં કુંડ કયાં કયાં છે ? કુંડનું પાણી ઉનું શા કારણથી હશે ? યુરોપખંડના વાયવ્ય કોણમાં કયા બેટના ઉના ઝરા છે ?

પાઠ ૮૦ મો.

રેશમ=હીર

રૂપાંતર=રૂપમાં ફેરફાર; જુદાં જુદાં રૂપ

ખોળીઆં=શરીર

સંજોગ=બનાવ; પ્રસંગ

પુષ્ટ=જોરાવર

ખાલ=ચામડી; ત્વચા

સોહામણા=સુંદર; શોભિતાં

બેડોળ=ખરાબ આકારનું

કોશેટા=લાંબી ગોળ દડી

ભરાઉ=પુષ્ટ.

પરિપૂર્ણ=સંપૂર્ણ; સારી પેઠે.

સવાલ--પ્રાણીઓને ખોળીઆં શા માટે બદલવા પડે છે ? રેશમના કીડાનાં રૂપાંતર ગણાવો. આ પાઠમાંથી શું શિખામણ મળે છે ?

પુસ્તક બીજું--ભાગ ૩ જો સમાપ્ત.

કવિતાની સમજુતી.

પાઠ ૪ થો.

સાહેલી=સખી; બેનપણી

શાણપણું=ડહાપણ

સાંભળીએ=સાંભળી રહીએ.

રૂદે=મન

ખોટાં=કડવાં

સંગતે ચઢે=દોસ્તી કરે

વિરોધ=અણબનાવ

લાખે લેખાંનો=ઘણોજ

લેખો=ગણો

લાજ=મર્યાદા

પગવાટ=પગરસ્તો; શેરડો

વ્યર્થ=નકામો

જાડી=તુચ્છકાર ભરેલી; અશુદ્ધ.

ભાખીએ=બોલીએ

આપદા=આપત્તિ; મહાદુઃખ

ઢરબડીને=નરમ થઈને;

ગભરાઇને

ગ્યાનદાતા=વિદ્યા આપનાર

પાનીએ=પગને તળિએ.

પાનીએ બુદ્ધિ=દબાઇ ગએલી બુદ્ધિ (જેને આગળ પાછળનો વિચાર સૂઝે નહિ તેને વિષે બોલતાં વપરાય છે. પ્રમદા બુદ્ધિપાનીએ)

દોષ=પાપ

સુરત=ધ્યાન; યાદદાસ્ત

પાણીથી પહેલી પાળ બાંધવી=આગળથી વિચાર કરવો.

લાજ=આબરૂ

કવિતાની ૧ લી પાઠ ૪ થો. બેનપણીને ઉપદેશ.

હે સખી જો તમારે સંસારમાં સંપી જંપીને સુખી થવાનું શીખવું હોય તો શાણપણું શીખજો. (ટેક) (૧) સાસુ સસરો કહે તે બધું સાંભળી રહેવું પણ મનમાં જરા પણ કલેશ રાખવો નહિ. (ટેક) (૨) મોઢેથી મીઠા મીઠા શબ્દ બોલવા પણ કદાપિ કડવા શબ્દ બોલવા નહિ. (ટેક) (૩) દાસ, દાસી બધાને માન આપવું પણ કદી કોઇને તુંકારો કરવો નહિ. મતલબ કે કોઇને હલકા શબ્દથી બોલવા નહિ. (ટેક) (૪) આપણી સંગત કરે તેને શિખામણ આપીને સુધારવું પણ તેની સાથે અણબનાવ કરવો નહિ (ટેક) (૫) જીવ નક્કી કામકાજમાં રાખવો અને મર્યાદા પાળવામાં લાખે લેખાંનો (ઘણોજ) લાભ ગણવો. (ટેક) (૬) તદન અજાણ્યે રસ્તે જવું નહિ. અને ખરાબ ચાલતાં બૈરાં પાસે બેસવું નહિ. મતલબ કે ખરાબ ચાલનાં બૈરાંની સોબત કરવી નહિ. (ટેક) (૭) વખતને હલકો ગણીને નકામો ગુમાવવો નહિ, પણ તેને (વખતને) ભરતકામમાં ચિત્રકામમાં તથા ચોપડીઓ સાંભળવામાં (વાંચવામાં) કાઢવો. (ટેક) (૮) કામ વગર ખોટી થઇને રમવું નહિ મતલબ કે રમીને વખત નકામો ગુમાવવો નહિ; અને મેલાં મેલાં (અસ્વચ્છ) રહેવાની ચાલ છોડી દેવી મતલબ કે,

સ્વચ્છ રહેવાની ટેવ પાડવી. (ટેક) (૯) ઘરબાર સારી રીતે સ્વચ્છ રાખવાં અને તુચ્છકાર ભરેલી અથવા અશુદ્ધ કે આડી ભાષા બોલવી નહિ. (ટેક) (૧૦) ગુસ્સે થએલાની સાથે આપણે ગુસ્સે થવું નહિ પણ આગ દેખીને પાણી થવું મતલબ કે ક્રોધીની સામે આપણે વિનયવાળા થવું. (ટેક) (૧૧) ઘણાં મોટાં દુઃખમાં ધીરજ રાખવી; મતલબ કે ભારે આપત્તિના સમયમાં ધીરજવાન થવું. પણ મનમાં ગભરાઈ જઈને હિંમત છોડી દેવી નહિ. (ટેક) (૧૨) વિદ્યા આપનારને માબાપ સમજવા અને બુદ્ધિ પગની પાનીએ રાખવી નહિ. (ટેક) (૧૩) ચાડી અને ચોરીમાં મનને લગાડવું નહિ. અને ઘણું ખરચવાની ટેવ ઓછી કરવી મતલબ કે ઉડાઉપણાની ટેવ છોડી કરકસર કરવાની ટેવ પાડવી. (ટેક) (૧૪) ભલું કરવાને માટે આગળથી ધ્યાન પહોંચાડવું અને હે એનો પાણી આવતા પહેલાં પાળ બાંધવી. મતલબ કે કંઇ પણ કામ કરતાં પહેલાં તેનો આગળથી વિચાર કરવો. (ટેક) (૧૫) આબરૂમાં વધારો થાય એવાં સારાં કામ આજે કરો, હંમેશાં સબુરી રાખો અને પાપથી ડરો. (ટેક) (૧૬)

પાઠ ૭ મો.

ગહન=સમજી ન શકાય એવી
ગતિ=શક્તિ
પાર=છેડો
અકલ=સમજી ન શકાય એવી.
કળા=હિકમત
પુરણ=પુરા; ખરા
કરૂણા=દયા
કરૂણાનિધિ=દયાનો ભંડાર. (પરમેશ્વર)
અનેક=ઘણી
અમાપ=ઘણાજ
માપે=ગણી શકે
રચના=બનાવટ; ગોઠવણ
અવલોકતાં=ધારીને જોતાં
ઉંડા ઉતરી અવલોકતાં =બારીકીથી જોતાં
વૃત્તિ=વલણ
વિરામે=ઠરી રહે
અજબ=નવાઈ જેવા.
અલૌકિક=અદ્ભુત; તરેહવાર
લેખીને=ગણીને
પેખીને=જોઈને
પ્રૌઢ=મોટા
કોટિક=કરોડો
કર્તા=બનાવનાર
પાળક=પાળનાર

તારક=તારનાર	વશ=તાબે	ઉર=મન
વ્યાપી=ફેલાઈ; પ્રસરી	ભક્તવત્સલ=ભક્ત ઉપર	
ધર=શરીર.	માયા રાખનાર	

કવિતા ૨જી પાઠ ૭ મો. પરમેશ્વરની બંદગી.

હે પરમેશ્વર તારી શક્તિ સમજી શકાય નહિ એવી છે, ત્યારે તેનો છેડો હું શી રીતે મેળવું ? મતલબ કે તારી શકિતનો છેડો પામી શકું નહિ માટે હું તારી હિકમત સમજી શકાય નહિ એવી છે એટલું જાણીને તને ખરેખરા હેતથી ભજું. હે પરમેશ્વર. (૧) હે દયાના ભંડાર તું મનમાં ઘણી દયા લાવીને પાપની માફી આપે છે અને વળી મહેરબાની કરીને કરોડો દુઃખ મટાડે છે. હે પરમેશ્વર (૨) આખી દુનિયાના જીવોનું પોષણ કરવાની, કીડીને કણ અને હાથીને મણ અનાજ આપવાની ફીકર તુનેજ છે. હે પરમેશ્વર. (૩) તું પ્રાણીઓને સુખ આપવાને માટે ઘણી ઘણી ચીજો પેદા કરે છે, એ તારા ઉપકારો ઘણાજ છે; તે (ઉપકારો) મારૂં મન શી રીતે ગણી શકે? હે પરમેશ્વર. (૪) મન ખુશ થાય એવી સારી રીતે બનાવટ બનાવીછે તે બહુ બારીકથી જોતાં મનનું વલણ ત્યાંજ ઠરી રહેછે, હે પરમેશ્વર (૫) નવાઇ જેવાં તરેહવાર મોટા પહાડો, દરીઆ, નદી, અને વળી ઘણાં જંગલ ને ઝાડો જોઇને ગણીને પણ હે પરમેશ્વર (૬) તેં આ પૃથ્વીથી મોટી પૃથ્વીઓ ને કરોડો સૂરજ બનાવ્યા છે! એ બધાને આકાશે પોતાના અંગમાં કેવા સમાવી દીધા છે! હે પરમેશ્વર (૭) એ બધાને બનાવનાર કેવો મહાન શક્તિ ધરાવે છે તેજ બધાનો પાળનાર ને તારનાર છે અને તે સારાં કામ કરાવે છે. હે પરમેશ્વર (૮) તે (પરમેશ્વર) આખી દુનિયામાં અને શરીરમાં પણ ફેલાઈ રહેલો છે, હે [illegible] (૯) [illegible] રી [illegible] તેવો છે પણ જોઇ શકો નહિ એવો છે. [illegible]) ભક્ત ઉપર માયા રાખનાર મહા પ્રભુ (ભક્તના) પ્રે[illegible] તાબે છે તેની ભાવથી ભકિત કરૂં એવીજ આશા મનમાં છે. હે પરમેશ્વર (૧૦)

પાઠ ૧૦ મો.

સ્વદેશ=પોતાનો દેશ
ભાર્તભૂમિ=ભરત રાજાનો મુલક; ભરતખંડ; આર્યાવ્રત; હિંદુસ્તાન
વિષે=માં
ભોમ=ભૂમિ; જમીન
મુજી=અક્કલ વગરનો
દાઝ=લાગણી; દયા
શુષ્ક=સુકું (દયાવગરનુ)
વજ્ર=કઠણ. (નિર્દય)
લેવું દેવું=લેણદેણ
વડો=મોટો
વૈભવી=મોજ માણનાર
રાજવી=રાજા
વિવેક=ખરૂં ખોટું સમજનાર
વડો=ખરો
લખે=ગણે
વિદ્વત્તા=પંડિતાઇ;
[illegible] પણું
સ્વદેશાભિમાની=પોતાના દેશના ગર્વવાળા
વૃથા=ફોકટ; નકામો; મિથ્યા
જન્મ=જીંદગાની
કમાણી=સાર્થક;
વિદેશ=પરદેશ
વિયોગી=જુદા પડેલા
ભેટી=મળી
ના'વે=આવે નહિ

કવિતા ૩ જી. પાઠ ૧૦ મો. પોતાના દેશ પર પ્રેમ.

સારા ભરતખંડમાં હંમેશાં રહેતો હતો તેમાં કોણ બિચારો હશે કે જે " મારો દેશ સારો છે, મારી ભૂમિ સારી છે, અને એ મને જીવથી હંમેશાં વહાલી છે " એમ કોણ નહિ કહેતો હોય ? મતલબ કે બધાજ કહે છે. (૧) કયો અક્કલ વગરનો પૃથ્વીને ભારે મારનો હશે ? મતલબ કે પૃથ્વીપર ભારરૂપ કયો માણસ હશે ? નો કે જેને દેશની લાગણી જરાપણ નથી, જેનું મન હંમેશાં કઠણ અને [illegible]લુ મતલબ કે ઘાતકી અને દયા વગરનું હોય છે, અને જે [illegible] જાણે છે કે મારે કાંઇ લેવું દેવું નથી મતલબ કે મારે કોઇની સાથે સંબંધ નથી એવો માણસ. (૨) કદાપિ તે ઘણો પૈસાવાળો, રાજા કે રૂપાળો હશે, તોપણ તેને વિવેકી માણસ વખાણે નહિ, કારણ કે તે કાગડા અને કીડાની પેઠે પોતાનું ગુજરાન કરે છે. (૩) જે દેશીનાં દુઃખ મટાડે, હજારો માણસોનું હંમેશાં પોષણ કરે, અને વળી લોકોના ભલામાં પોતાનો લાભ સમજે તેને ખરો સ્વદેશી જાણવો. કહો કે તેને (ખરા સ્વદેશીને) ખરા હેતુથી કોણ નહિ જુએ ? મતલબ કે બધાજ તેના તરફ ખરા હેતથી જુએ. (૪) જેણે દેશની લાગણીને માટે વિદ્યાનો ઉપયોગ કીધો નથી. લોકની લાજને માટે એક પાઇ પણ ખરચી નથી,

સ્વદેશાભિમાનનાં કામ કર્યાં નથી તેણે પોતાની જીંદગી નકામી ગુમાવી અને શું કમાયો ? મતલબ કે તેની જીંદગી એળે ગઇ. (૫) પરદેશમાં ઘણો વખત રહીને ગુમાવીને જે ખરો નસીબદાર તેજ પોતાને દેશ પાછો ગયો; તે જ્યારે પોતાના દેશમાં જાય ત્યારે જુદાં પડેલાં સગાં અને ભૂમિને હેત મળે તે વખતે કહો કે કોને હરખનાં આંસુ નહિ આવે ? મતલબ કે જેને પોતાના દેશ પર પ્રેમ છે એવા સ્વદેશ ભક્તને આવેજ.

પાઠ ૧૪ મો.

ધ્યાન=સરત	ગરવ=ગર્વ; અહંકાર	ગુસ્સે થઇને
શ્વસુર=સાસરૂં	ટાળીને=કાઢી નાંખીને	રૂશણું=રીસાઇ બેસવું તે
લાજ=મર્યાદા; અદબ	વાધશે=વધશે	દુભવું=જીવ બાળવો
કસુર=ખામી	કળી=કળિયુગ; નઠારી બુદ્ધિ	સધે=થાય
વેરવી=દુશ્મન; વેરી	કથા=વાત	કશું=કાંઇપણ
હિતુ=હિતચાહનાર	કે'વી=કહેવી	નવ=નહિ
વિષ=ઝેર	કુથલી=નિંદા	અસુર=મોડું
સુધા=અમૃત	અદબ=મર્યાદા; મલાયજો	આકળા=ગભરાયલા
મીઠડા=મધુર	પામજે=મેળવજે	હસમુખું=આનંદી
સુધાં=સીધાં; ખરાં	ઉપડતે સ્વરે=ઉંચે સ્વરે;	રાચવું=રાજી થવું

કવિતા ૪ થી. પાઠ ૧૪ મો. માનો ઉપદેશ.

સમજુ છોકરી સાસરે જાય છે, ત્યારે માનું વેણ ધ્યાનમાં રાખે છે. સંસારમાં અદબથી રહીને કામમાં કસુર કરવી નહિ. (૧) વચનથી દુશ્મન ગણાં વધે છે, તેમજ વચનથી આપણું ભલું કરનાર પણ વધે છે; માટે મોઢાંમાંજ (બોલવામાંજ) ઝેર અને અમૃત રહેલું છે. તેથી તું મીઠાં અને ખરાં વચન બોલજે. (૨) જો તું બધાની સાથે (હળી) મળીને ચાલે અને અહંકારને કાઢી નાંખીને વાતને ગળી ગઇ એટલે એકની વાત બીજાને ન કહી તો વળી સારો સંપ વધશે અને દુ:ખરૂપી કળી (નઠારી બુદ્ધિ) દેખાશે નાહ. (૩) પારકે ઘેર જઇને બહુ બેસવું નહિ. તેમજ ઘરની વાત કોઇ પણ ઠેકાણે કહેવી નહિ; જો બીજાની નિંદા મોંઢેથી કહીશ તો દુશ્મન થશે અને

તું દુ:ખથી દાઝશે મતલબ કે તારા મનમાં ક્લેશ ઉત્પન્ન થશે. (૪) દીયર અને જેઠની સાથે કામ જેટલુંજ બોલવું અને રોજ મર્યાદામાં રહી ચાલવું; મોટા અને ઘરડાની સેવા કરીને તું પરમેશ્વરનું ખરૂં હેત મેળવજે. (૫) કાંઇ પણ જીદ્દ કરીને માગવું નહિ, રિસાઇ બેસીને જીવ બાળવો (મનમાં દુ:ખી થવું,) નહિ; ઉપડતે સ્વરે બોલવાથી હેત વધે નહિ, તેમજ રખડતા; મનથી કામ થાય નહિ. (૬) જો મોડી સાંજે એકલા જવું નહિ, તેમજ ઘણા ગભરાયલા ને ક્રોધી થવું નહિ. (૭) હસમુખાં રહેથી હેત વધશે. અને કુટુંબનો બધો ક્લેશ આઘો જશે; મતલબ કે ક્લેશ થવાનો વખત આવશે નહિ; દુષ્ટ પાપથી આઘા રહીને મનને પ્રભુના ભજન અને ભક્તિમાં રાખીને નક્કી રાજી રહેવું. (૮)

પાઠ ૧૮ મો.

માણકડું=માણેક; રત્ન; પુત્રરૂપી રત્ન
સામળીઆ=શ્રીકૃષ્ણ
અપરાધી=ગુનેહગાર; તકસીરવાન
ઝંપલાવ્યું=પડતું નાખ્યું
કાલિંદી=જમના નદી
કાળી=કાળોનાગ
વનમાળી=શ્રીકૃષ્ણ
સંતાન=છોકરાં
રૂપીયુ=રૂપી
કર્મે=દૈવે
જતન=બરદાસ
આશ્રમ=અવસ્થા
છેલ્લેઆશ્રમે=ઘડપણમાં
પ્રતિપાળી=પાળીપોષી
નીપજ્યો=ઉપજેલો; ઉછરી આવેલો
વિજોગ=જુદાઇ; વિરહ; વિયોગ
વિજોગ આગે=વિરહના અગ્નિએ
શિરધારી=માથે ધારણ કરનાર
સુત=છોકરો; પુત્ર
ગૌચારી=ગાય ચારીને
પીત=પીળી
કાછ=કાછડો; કછોટો
નેતરૂં=રવૈને બાંધેલું દોરડું
સગપણુ=સગાઈ
હૈડું ફાટે=ભાન ભૂલી જાય
કાષ્ટ=લાકડું
પે=કરતાં
પાષાણ=પત્થર
વજ્ર=કઠણ શસ્ત્ર
તુલ્ય=બરાબર
મખાંતર=બહાનું; નિમિત્ત
અનુખજો=ખાંડણીઓ
વ્યાકુળ=ગભરાએલી
હળદર=શ્રી કૃષ્ણના મોટાભાઇ (બળદેવજી)
વારી=અટકાવી.

કવિતા ૫ મી. પાઠ ૧૮ મો. જશોદાનો વિલાપ.

ટીપ:—ગોવાળીઆ સાથે ગેડીદડે રમતા અચાનક જમનાના દરામાં પડેલો દડો કાઢવા શ્રીકૃષ્ણે કદંબપર ચઢી અંદર ભૂસકો માર્યો અને કાળી નાગને બારણે જઇ ઉભા. આથી બહાર નીકળતા વાર થઇ એટલે ગોપગણોએ ગોકુળમાં જઇને શ્રીકૃષ્ણ જમનામાં બુડી ગયાની ખબર આપી. નંદ, જશોદા અને ગોપ ગોપીઓ સર્વે રડતાં કકળતાં કાળી નાગના દરા પાસે જેમાં શ્રીકૃષ્ણ કુદી પડ્યા હતા ત્યાં આવ્યા તે વખતે જમનાને કિનારે બેસી જશોદાજી એ કરેલો વિલાપ તે આ છે.

મારૂં પુત્રરૂપી રત્ન રીસાયું એટલે મને છોડીને ચાલ્યું ગયું. રે ! સામળીઆ (કૃષ્ણ) તારા મનમાં એ શું આવ્યું ! તેં મને ગુનેહગાર માને મૂકી (પાણીમાં) શા માટે પડતું નાંખ્યું ? હાય મારૂં આણુકડું રીસાઈ ગયુ! (૧) જમના નદીનું પાણી કાળું (ઉંડું) છે ને હવે તે વનમાળી (કૃષ્ણ) કેમ કરીને આવે? હાય મારૂં (૨) છો[illegible]રૂપી જે મોટું ધન ગણાય છે તે દૈવે લઈ લીધું. મેં તેનું જ[illegible]યું હિ. મતલબ કે લાડ લડાવ્યા નહિ તે મારૂં પુત્રરૂપી [illegible]ને ચાલ્યું ગયું ! હાય મારૂં. (૩) હું ઘડપણમાં છો-[illegible] પામી ને મેં પાળી પોષીને મોટો કર્યો તે મારો ઉપજેલો (કેરી અને તેનો) રસ (પુત્ર) ઢળી ગયો રે [illegible] મળીઆ તેં મને વિ-જોગના અ[illegible] વડે (વિજોગના દુઃખ વડે) બાળી મૂકી. હાય મારૂં. (૪) નાકમાં મોતી; પગમા ઘુઘરી અને માથે મોરના પીછાનો મુગટ ધારણ કરેલો એવા ગાય ચારનાર એ. આ [illegible] છોકરાનું રૂપ હવે હું ક્યાંથી નીરખું ! (ફરીથી હું શી રીતે જોઉં) હાય મારૂં. (૫) કાનમાં કુંડળ. મુખમાં મોરલી એવો સાંજે ગોકુળમાં આવે અને મને માડી કહીને બોલાવવાને ભૂખ્યોછું એમ કહી પેટ બતાવે, હાય મારૂં (૬) પીળી પિછોડાનો કાછડો વાળીને મારી પાસે નેતરૂ માગે, મને

ઘરડી માને થાકેલી જાણીને હવે કોણ વલોવવા લાગશે હાય મારૂં. (૭) તેં ઉંડા જળમાં વાસ કીધો છે, બેટા, તને પાણીમાં કેમ ગમશે ! મોર, પોપટ અને પુતળી વગેરે તારે રમકડે હવે કોણ રમશે? હાય મારૂં. (૮) તું ગયો અને હું જીવું છું તેનું કારણ મારે તારે ઓછું સગપણ માટેજ. જયાં મરી ગયો એવું સાંભળતાંજ હૈયું ફાટી જાય (ભાન ભૂલી જવાય) ત્યાંજ સાચું સગપણ તો જણાય. હાય મારૂં. (૯) લાકડાના કરતાં પત્થર કઠણ છે ને તેના કરતાં લોઢું કઠણ છે; પણ મારૂં કાળજું તો વજ્રના જેવું છે, હવે કોને મોઢું શું બતાવું ! હાય મારૂં. (૧૦) તેં દડાનું ફક્ત બહાનું કાઢયું છે પણ તારા મનમાં કંઇક દુઃખ આવ્યું હશે મેં તને ખાંડણીઆ સાથે બાંધ્યો હતો તે દુઃખ સંભારીને તેં પાણીમાં ઝંપલાવ્યું હશે.

ટીપઃ—આવું કહીને નંદ જશોદા અને સઘળા ગોવાળીઆઓ શ્રીકૃષ્ણની પાછળ પાણીમાં મરવા પડવા મંડયા એટલે તેમને બળદેવજી વારી રાખે છે કે હે નંદ, જશોદા; ગોવાળીઆઓ અને ગભરાયલી વ્રજની ગોપીઓ તમ સર્વે ચાર ઘડી પછી પડજો ત્યાં સુધી કૃષ્ણના આવ્યાની વાટ જુઓ. હાય મારૂં (૧૧)

પાઠ ૨૧ મો.	સુના=સોનાની	માવડી=મા: માડી
બાળા=છોકરી	ચકિત=ચળકતા	સુકોમળ=નાજુક
પ્રતાપવાળો=યશસ્વી	બિંબ=આકાર	તનુજ=છોકરા
વારા=વાર; વખત	ખાઇ=ખાડી	છબી=ચિત્ર
સુગંધવાળાં=સુગંધીદાર	તીર=કાંઠો; કિનારો	સર્વદા=હમેશાં; નિરંતર
સુવાસ=સારીવાસ:સુગંધ	મીઠી=વહાલી	કાળ=મોત.

કવિતા ૬ ઠી. પાઠ ૨૧ મો. સ્વર્ગ ક્યાં હશે ?

મેં તને સારી જમીન (સ્વર્ગ) વિષે બોલતાં સાંભળ્યું છે ત્યાં છોકરી સુખી છે, ત્યારે હે મા ! તે યશસ્વી કિનારો કયાં છે કે જયાં

બહુ વખત રડવું પડે નહિ: મતલબ કે વારંવાર જન્મીને દુ:ખી થવું પડે નહિ; એ કામને (સ્વર્ગને) શું આપણે નહિ શોધીશું ? ત્યાં નારંગી ફૂલ ખીલનારાં છે ? શું ત્યાં મેદીની ડાળપર ફુદાં નાચે છે ત્યાં તે છે? હે મારા પુત્ર! તે ત્યાં નથી. (૧) જ્યાં સુરજના તાપમાં ખજુરીઓ થાય છે અને ખજુર પાકે છે ત્યાં તે છે? જ્યાં ચળકતા સમુદ્રના લીલા બેટમાં સુગંધીવાળા ઝાડોના જંગલ છે અને તેની વાસ પવનને સારી વાસવાળો કરે છે; જ્યાં સારાં (શોભીતા) રંગના પક્ષીઓ છે કે જેની પાંખો સઘળી વસ્તુથી ઘણી વધારે ચળકતીછે ત્યાં તે છે ? હે મારા પુત્ર! તે ત્યાં નથી, ત્યાં નથી. (૨) ત્યારે શું તે આઘે અને જુના દેશમાં છે ? કે જયાં સોનાની રેતીપર નદીઓ વહે છે અને જયાં ચળકતા માણેકનાં ચળકતા આકાર છે, ને જયાં ચળકતાં હીરાની ખાડીઓ છે ને વળી જયાં સારાં ચળકતાં મોતી સમુદ્રના કાંઠાથી નીકળ્યાં છે, હે વહાલી મા! શું સ્વર્ગ ત્યાંછે? હે મારા પુત્ર ! તે ત્યાં નથી, ત્યાં નથી. (૩) ઓ મારા નાજુક પુત્ર ! જે આંખ જોઈશકે નહિ, કાન ખુશીનું ગાયન સાંભળી શકે નહિ, અને જેનું સારૂં ચિત્ર સ્વપ્નામાં પણ કોઇ દિવસ આવી શકે નહિ વળી જે કરમાતું નથી અને હમેશાં ખીલી રહે છે, અને જેના ઉપર મોત કોઈ પણ વખત ગુસ્સે થાય નહિ, અને જે વાદળાંથી અને કબરથી પણ આઘેછે, ત્યાં તે છે, હે મારા પુત્ર ! તે (સ્વર્ગ) ત્યાં છે. (૪) મતલબ કે સ્વર્ગ એવું છે કે જેની પુરેપુરી ખુબી જોવાને આંખ અશક્ત છે અને જેનું વર્ણન સાંભળવાની કાનમાં શક્તિ નથી, તેમજ તેનો આબેહુબ ચિતાર કોઇ દિવસ સ્વપ્નામાં પણ દેખાતો નથી, વળી જે કરમાતું નથી અને હંમેશાં ખીલી રહેછે, જેના પર મોતની અસર થતી નથી એવું જમીન અને આકાશથી દૂર—જુદુંજ તે છે.

પાઠ ૨૫ મો.

મેઘાડંબર=વાદળાં છવાઇ જવા-ઘેરાઈ જવાં તે
આડંબર=છવાવવું તે
ભવ્ય=મોટા; ગંભીર
ઘને=વરસાદે
નભમંડળ=આકાશ
મરકત=એ નામનું એક રત્ન; નીલમણી
શો=જેવો
વર્ણ=રંગ
વૃક્ષઘટા=ઝાડની ઘટા
ગંભીરી=ગાઢી; ઘાડી ગંભીર
દ્વાર=દરવાજા
તૃણ=ઘાસ
તૃણ શૂન્ય=ઘાસવગરની
સેર=હાર
ઘેરૂં=ઘેરા રંગનું; કાળું.
ગર્જન=ગર્જના

કવિતા ૭ મી   પાઠ ૨૫ મો.   મેઘાડંબર.

આ મોટા આકાશને વરસાદે આડંબર રચી વાદળાંથી (છવાઇ જઇ) ઘેરી લીધું છે, હાંહાંરે આકાશને વરસાદે (વાદળાંએ) ઘેરી લીધું છે; પાણીનું આ ફીકકું પીળું તેજ (ભાસ) આકાશમાં પ્રસર્યું. (વાદળાંમાંથી પડતો પ્રકાશ આછો પીળો ભાસ આપેછે માટે પાણીનું આ ફીકકું પીળું તેજ આકાશમાં પ્રસર્યું એમ કહ્યું) હાંહાંરે. (૧)

લીલોતરી વાળી જમીનપર આ સારી વાદળી વરસે છે, હાંહાંરે. નીલમણીના જેવો ઘેરો લીલો રંગ ત્યાં દેખાય છે; હાંહાંરે (૨)

અહીં ઘાડી ઝાડની ઘટા ભીની ઊભી છે, હાંહાંરે-તેમાં-ઝાડની ઘટા ભીની ઊભી છે તેમાં કોઈ ઠેકાણે દરવાજા બન્યા છે ત્યાં કેવી રમુજી જણાય છે! હાંહાંરે. (૩)

પેલી ઘાસ વગરની ટેકરીએ પીળાં લુગડાં પહેર્યાં છે હાંહાંરે. (એમ કહેવાનું કારણ એ કે તેનાપર આછો પીળો પ્રકાશ પડેલો છે તેથી.) તેનાપર ગાય ભેંસોની હાર આવી ચાલી રહીછે! હાંહાંરે. (૪)

પણ પેલા બીજા બાકામાંથી આકાશ કાળું દેખાય છે, હાંહાંરે જો સખા! આ વરસાદની મોટી ગર્જના તે શું તેં સાંભળી? હાંહાંરે (૫)

પાઠ ૨૯ મો.

શોભા=દેખાવ
જાતિ=જાત
નામી=પ્રખ્યાત
જગવિષે=દુનિયામાં
વૃક્ષો=ઝાડો
ઓળખ=ઓળખાણ
કાળે=વખતે
ફળરુપ=રસાળ
ગુર્જર=ગુજરાત
તણાં=નાં
ભુજ=હાથ
નિજ=પોતાના
નિજભુજ=પોતાનાહાથ (વડવાઇઓ)
જટા=મૂળી
હળી લે=મળીજાય
બેટીઓ=મૂળીઓ રૂપી બેટીઓ.
જનુની=માતા; મા
તરૂ=ઝાડ
જનનીતરૂ=ઝાડરૂપી મા
છાંયે=છાંયડે
કદવાન=જોરાવર
સ્તંભ=થાંભલા
નગરે=નગર ઉપર
મેરાબ=કમાન સરખી છાજપર મૂકે છે તે
વાટો=રસ્તા
નાદ=અવાજ
સુપવન=સારો પવન
ભાથું=મુસાફરીનું ખાવાનું
વડતરૂ=મોટા ઝાડ
સીમાડા=હદ
જળભરિત=પાણીથી ભરેલા
નિર્મળું=નિર્મળ;ચોકખું
ઉલટ=હોંશ; ઉમંગ
વિશરાંતી=વિશ્રાંત, આરામ
ખડ=ઘાસ
નાદે=અવાજથી
ઘંટા=ઘંટડી
મનજલ=લાંબો રસ્તો.

કવિતા ૮ મી પાઠ ૨૯ મો વડ અને તેની પાસેનો દેખાવ.

જેના ફળ જગતમાં બહુ પ્રખ્યાત છે તે જાતનાં આ ઝાડો નથી, તો પણ આ ઝાડો કે જેનું હિંદુઓને ઘણું ઓળખાણ છે. અને જે આ વખતમાં ગુજરાતના સારા રસાળ બધા પ્રાંતોમાં પોતાના હાથ (વડવાઇ) ફેલાવાથી ટકી રહેલા છે તે આ ઝાડો છે તેના લાંબા પહોળાં ઘણાં ડાળાં વીંટળાઇ વળેછે અને વડવાઇ તો જમીનને ફોડીને મૂળીઆં સાથે મળી જાયછે અને નાની વડવાઇઓ માને (જેમાંથી વડવાઇ નીકળી છે તે ઝાડને) વળગીને મોટી થાય છે, નગર ઉપર એક મોટા કદવાન થાંભલા ઉપર ઉભી કરેલી છત્રીનો છાયો હોયની! તેવો—તેટલા વિસ્તારવાળો છાંયડો દેખાય છે (૨) તેની ઘટા ઉંચી આવીને કમાન સરખી દેખાયછે તેની (ઘટાની) વચ્ચેની ગલી ખુશી થઇને પાંદડાંના ખડખડ અવાજ કરે છે, વળી ઘટાની માંહે અટકાને ત્યાંથી ઠંડો સારો પવન ફેલાય છે, થાકેલા મુસાફરો ત્યાં સુખેથી ભાથું ખાઇને પાણી પી પછી જાય છે. (૩)

એ (વડ) પોતાની આજુબાજુ પીપળ અને આંબાનાં ઘણાં ઝાડોને વસાવે છે (એની સાથેજ એ ઝાડો ઉગેછે) તે સિમાડામાં-હદ થએલી જગ્યામાં (આજુબાજુ વડ, આંબા, પીપળના ઝાડો વચ્ચેની જગ્યા-માંથી) સ્વચ્છ જળ ભરેલા તળાવ હોયછે. તે પશુ પક્ષીની વારંવાર તરસ મટાડેછે, અને તેમાં (તળાવમાં) ભેંસો ઉમંગથી પડી પડી નાહે છે. (૪) ત્યાં ગાડાં, ગાડીઓ અને બળદ છુટેછે, તેથી બળદ અને સૌ આરામ લેછે, બળદો નીચે શ્વાસ મેલીને (થાક ખાઇને) ઘાસ ખાયછે અને પાસેના હવાડામાંનું પાણી પીએ છે; (તેમને ગળે બાંધેલી) ઘંટડીઓ ટં ટં ટં ટં અને ઘુઘરીઓ ઘણણ ઘંઘં અવાજ કરે છે કે જે અવાજથી બળદ ડોલીને લાંબો રસ્તો કાપે છે. (૫)

પાઠ ૩૨ મો.

ભર્તાર=ધણી; વર
આચાર=રીતભાત
દર્પણ=આરસી
નીખે=જોયે
ભૂપ=રાજા
કેરે=ને
કાજ=માટે
જપમાળા=જપ કરવાની માળા.
ગાથા=પ્રાકૃત ભાષાની કવિતા
સોણા=સ્વપ્ના
ત્ર્યંબક=મહાદેવ
ધનુષ્ય=કામઠું
ચોંકે=ચમકે; બીએ
ભાવે=હોંસથી

મિથ્યા=ફોકટ
પણ=નિયમ
પ્રસિધ્યું=જાહેર કર્યું
શતાનિક=જનકનો પુરોહિત
વાળો=ઉત્તેજન આપો
કઠણ વચન=કડવાં વેણ
આફૂણીએ=પોતાની મેળે
લજ્જાપામી=શરમાઈ
સાંસઇ=સાંસે; વિમાસણમાં
શૂર=શૂરવીર
નહિતર=નહિતો
ભૂર=મોટા ઇંદ્ર જેવા
સુતા=છોકરી; પુત્રી
વીણ=સિવાય; પખે; વગર
શિષ=માથું

રાજન=રાજા
ઉકાંટો=મદ;ગર્વ; આવેશ
અતળીબળ=બહુજોરા- [વરા
સ્યામ=કાળાં
વાન=શરીર
સ્યામ વાન=કાળા શરીરવાળા
ઉચરકી=બોલી
જુગમ=બે
પાણ=હાથ
કૌશિક=વિશ્વામિત્ર
સુત=પુત્ર
ઢળવું કરે=બેઠું પાડીએ
આળ=આરોપ; તહોમત
ચાપ=ધનુષ્ય, કામઠું
અનેક=ઘણા
ઉચરે=બોલે



આશ્ચર્ય=નવાઇ	બાંધવ=ભાઇ	વીણ=વગર
અનુજ=નાનોભાઈ	કોદંડ=ધનુષ્ય	જામાત્ર=જમાઇ

કવિતા ૯ મી. પાઠ ૩૨ મો. સીતાનો સ્વયંવર

હે સખીઓ! તમે મળીને સારો ધણી રામ પરણાવો; મીંઢળ બાંધો, શુભ ગીત ગાઓ અને બીજો વધારે આચાર કરો. (૧)

સખીઓ અંગુઠીનું દર્પણ દેખાડેછે. તેમાં રામનું હૃદય દેખાય છે. તેને (રામને) જુએ છે અને નક્કી મનમાં ખુશી થાય છે તેથી એનાથી બીજો (ચઢતો) રાજા દેખાય નહિ. (૨)

સીતાને (પરણવા) માટે દેશ દેશના રાજા આવ્યા છે; તેઓ કહેછે કે મોટું રાજ છોડી દઇને સીતાને માટે સંન્યાસી થઇશું (૩)

કોઇ જપમાળા લઇ સીતાનું નામ જપેછે કોઈ સીતાનું ચિત્રામણ કાઢેછે; કોઇ પ્રાકૃત ભાષાની કવિતા ગાયછે. અને કોઇ સીતાનાં નામની બૂમ પાડે છે. (૪)

કોઇ સીતાની વાત પૂછેછે, કોઇ સીતાને (પરણવા) કહાવે છે; કોઇને સ્વપ્નમાં સીતાનું રૂપ આવ્યું હોય તેને તે સંભારે છે. (૫)

મહાદેવના ધનુષ્ય સામું જોવાય નહિ તો કહો કે કોણ ચઢાવી શકે? સભામાં હોંસથી જે મોટા મોટા થઇને આવેલા તે પણ (ધનુષ્યથી) બીએછે. ૬

જનક રાજા મનમાં ફીકર કરેછે કે મેં ફોકટ પણ લીધું, કેમકે એમને એમ પણ રામને જાનકી પરણાવાત પણ હવે પ્રતિજ્ઞા જાહેર થઇ છે એટલે રામને એમને એમ જાનકી પરણાવાય નહિ. (૭)

શતાનીક (જનકનો પુરોહિત) કહે છે કે કડવાં વચન કહીને સૌને ઉ-તેજન આપો, એટલે તેઓ મનમાં શરમાઇને પોતાની મેળે (ધનુષ્ય ઉઠાવવા) જશે. (૮)

જનકરાજાનો પુરોહિત બધા સાંભળે એમ કહેછે કે હે મોટા ઇંદ્ર જેવા શૂરવીર રાજાઓ તમે શું વિમાસણમાં પડ્યા છો; શિવનું ધનુષ્ય ચઢાવીને સીતાને પરણો; નહિ તો નાશી જાઓ. (૯)

બહાદુરી બતાવ્યા વગર જાનકી (સીતા) ને કયાંથી જોવા પામો! માટે જો કોઈ ક્ષત્રિથી ઉત્પન્ન થયો હોય મતલબ કે જો કોઇ ખરો ક્ષત્રી હોય તો જનકરાજાની પ્રતિજ્ઞા પાળીને સીતાને પરણે. (૧૦)

(આ સાંભળીને) સુંદર કાળા શરીરવાળા (રામ) ને બહુ જ-બરો મદ ભરાગો; પણ બીજા ઘણા રાજા તો ઉદાસ થઇને માથે હાથ દઇને બેઠા. (૧૧)

રામ આપોઆપ બોલી ઊઠ્યા ને વિશ્વામિત્ર આગળ બે હાથ જોડી ઊભા રહીને મધુર શબ્દ બોલ્યા. (૧૨)

કે અમે સૂર્યવંશી દશરથ રાજાના પુત્ર છીએ તેથી એ તો અમને અપશબ્દ છે માટે હે સ્વામીજી (વિશ્વામિત્ર) અમને હુકમ કરો તો એ આરોપ અમે ખોટો પાડીએ મતલબ કે અમે પરાક્રમ કરી ક્ષત્રી છીએ એવું બતાવી આપીએ (૧૩)

બીજા ઋષિઓ પણ આશ્ચર્ય પામીને આશિર્વાદના ઘણાં વચન બોલેછે. વિશ્વામિત્ર કહે વહેલા શાઓ, જાઓ, મહાદેવજીનું ધનુષ્ય ચઢાવો. ૧૪

લક્ષ્મણ રામને કહે છે કે એટલાને માટે તમે શું ઊઠો, મને નાનાભાઇને હુકમ આપો તો એ કામ હું કરી શકું. (૧૫)

રામ લક્ષ્મણને કહેછે કે મારા ભાઇ એ તારૂં કામ નહિ; કારણ કે કોઇ કહેશે કે બે ભાઇએ મળીને મહાદેવનું ધનુષ્ય ચઢાવ્યું. (૧૬)

(રામ ધનુષ્ય ચઢાવવા ઊઠ્યા ત્યારે) બધા રાજાઓ હસવા લાગ્યા કે એનાથી એ કામ શું થશે હમણાં એ કાણ ધનુષ્ય ચઢાવીને હેતથી પરણી જશે! (૧૭)

રાવણ જેવા રંક થઇ ગયા એ શું હિસાબમાં! બીજા રાજાઓ શક્તિ વગર થઇને બેઠા છે તો એ શું જગાઇ થશે! (૧૮)

પાઠ ૩૫ મો.

સુંદર=સારો	વન્હિ=અગ્નિ	વેલ=વેલા
સલુણો=રસિક	સમીપે=પાસે	પત્રાળી=પાંદડાં
શિશિર=પોશ ને મહા મહીનો	ગોઠડી=વાતચિત	કલોલ=ચેનબાજી
વસંત=ફાગણ ચૈત્ર મહીનો	રસભરી=મઝાની	ગુલાલ=ગુલાલ
વાણુ વાયે=પ્રભાતમાં	મંદ=ધીમો	ધામધુમ=ઠામઠામ
ધુમર=ધુમસ	લ્હેર=પવનની લહેર	સ્હોએ=શોભે
	રસાળી=ફળદ્રુપ	નર્મદ=નર્મદાશંકર કવિ
	ઉપવન=વાડી	રત=મોસમ
	ફુલડે=ફુલાએ	બલિહારી=ખુબી

કવિતા ૧૦ મી   પાઠ ૩૧ મો.   શિશિર અને વસંત.

હે નરનારીઓ સારી રસિક શિશિર અને વસંત ઋતુનું ગાયન કરો, અરે ! સૌ નરનારીઓ ગાયન કરો.—પ્રભાતમાં મધુરી ઠંડી વાય છે, અને ઘણી ધુમસ ઠરી રહે, અરે ! ઘણી ધુમસ ઠરી રહે તે જુઓ. હે નરનારીઓ (૧) અગ્નિની પાસે કુટુંબ મેળો મળીને (કુટુંબના માણસો ભેગા મળીને) સારી વાતચીત કરે, અરે ! સારી રસભરી (મઝાની) વાતચીત કરે. હે નરનારીઓ. (૨) ફળદ્રુપ સારી વાસની પવનની લહેર કંઇ ઠંડી લાગતી ધીમેથી આવતી. અરે ! ફળદ્રુપ સારી વાસની પવનની લહેર આવે. હે નરનારીઓ (૩) બધા જંગલ વાડી ફુલથી અને વેલીઓ નવાં પાંદડાંથી ખીલ્યાં. અરે ! વેલીઓ નવાં પાંદડાંથી શોભી. હે નરનારીઓ. (૪) ઘણાં પક્ષીઓ કલોલ કરતાં ખુશી ખુશી થઇ તાળી આપે મતલબ કે કલોલ કરીને માંહેમાંહે ખુશ થાય, અરે ! ચોમેર અવાજ કરી ખુશખુશ થઇ તાળી આપે. હે નરનારીઓ. (૫) શહેરમાં અબીલ ગુલાલના હોળીના રંગો ઊડે, અરે ! અબીલ ગુલાલના રંગ ઊડે. હે નરનારીઓ. (૬) ઘરમાં ઠાઠમાઠ વગરની ઉમંગ અને કોડની સવારી આવેલી છે. અરે ! તે સારી દેખાય છે. નરનારીઓ. (૭) ઉમંગ અને કોડની સવારી આવી છે એટલે દરેક માણસને નવી નવી વાતોની અને મેળવા પહેરવાના, ખાવા પીવાની વગેરે બાબત ઉમંગ અને કોડ [illegible] છે. [illegible] છે કે ઋતુની ખુબી છે માટે લગનમાં મહાલો. અરે ! ઋતુની ખુબી શોભી રહી છે. હે નરનારીઓ.

સમાપ્ત.

મેસર્સ. સી. ડી. શાહ એન્ડ કો. તરફથી

બહાર પડેલી લોકપ્રિય બુકો.

બાળવર્ગની નોટ ૦-૧-૬	સાતમીના અર્થ ૦-૮-૦
પહેલીના અર્થ ૦-૨-૦	પદાર્થપાઠ ભા. ૧લો ૦-૩-૦
બીજીના અર્થ ૦-૩-૦	પદાર્થપાઠ ભા. ૨જો ૦-૫-૦
ત્રીજીના અર્થ ૦-૪-૦	મૂળાક્ષરકિત્તા ૦-૦-૩
ચોથીના અર્થ ૦-૬-૦	સુરત શહેરનો નકશો છપાય છે.
પાંચમીના અર્થ ૦-૬-૦	ચોર્યાસી તા. નકશો ૦-૧-૦
છઠ્ઠીના અર્થ ૦-૯-૦	

કન્યા વાચનમાળા પુસ્તક પહેલાના અર્થ રૂ. ૦-૩-૦

કન્યા વાચનમાળા પુસ્તક ત્રીજાના અર્થ રૂ. ૦-૬-૦

અંક સૂચક મૂળાક્ષર કિત્તા ૩ પાઇ

"ડિકટેશન શિક્ષક"

ભાગ ૧-૨-૩ દરેકના બે આના.

ભાગ ૪ થો ચોથી ચોપડીના અઢીઆના.

દરેક ધોરણના [illegible]ગણિત શિક્ષક તૈયાર છે.

સુરત જિલ્લાનો "ભૂગોળ શિક્ષક" બે આના.

સુરત જિલ્લાનો નકશો ત્રણ આના.

ગુજરાતની સામાન્ય ભૂગોળની 'પ્રશ્નોત્તરમાળા' બેઆના

છગનલાલ મોતીરામ શાહ. શાહપોર-સુરત.